કાન્તિ તત્ત્વજ્ઞાન સિરિઝ-પુષ્પ ૨ જું

શિક્ષિતોપયોગી

# નયમાર્ગોપદેશિકા

( દ્વિ-વિભાગમાં )

પ્રયોજક અને પ્રકાશક :

**શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ**

પ્રતિ ૨૦૦૦ પ્રથમાવૃત્તિ મૂલ્ય ૦-૧૦-૦

શિક્ષિતોપયોગી નયમાર્ગોપદેશિકા

કાન્તિ જૈન તત્વજ્ઞાન સિરિઝ—પુષ્પ ૨ જું

# નયમાર્ગોપદેશિકા.

## (દ્વિવિભાગમાં)




પ્રયોજક અને પ્રકાશક:

**શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ**

પ્રથમાવૃત્તિ ) મૂલ્ય ૦-૧૦-૦ ( પ્રત ૨૦૦૦

" जावईया वयणपहा तावईया चेव हुंति नयवाया।
जावईया नयवाया तावईया चेव परसमया ॥ "

सन्मतिसूत्र ३-४७

અર્થાત્—જેટલા વચનપથ છે, તેટલા નય વાદ છે અને જેટલા નય વાદ છે, તેટલા બધા એકાંત માનવાથી (અરસ્પરસ નિરપેક્ષપણે) પરસમય છે.

નય પ્રદીપ–પાને ૨૯ માંથી

" नत्थि नएहिं विहुणं सुत्तं अत्थो अ जिणमए किंचि।
आसज्ज उ सोयारं नए नयविसारओ बूया ॥"

વિશેષાવશ્યક.

અર્થાત્—શ્રી જિનમતમાં સૂત્ર તેમજ અર્થ નય વિના નથી, અર્થાત્ જે જે કાંઇ કથન છે તે સાપેક્ષ છે, માટે નય વિશારદ, નયના જાણકાર પુરુષોએ કોઈ શ્રોતા મળે તો તેને નય અનુસાર કહેવું, અર્થાત્ શ્રોતાને યોગ્ય સાપેક્ષ જેમ ઘટે તેમ કહેવું.

નય પ્રદીપ પાને ૨૮.



શાસ્ત્રવિશારદ-કવિરત્ન-પિયૂષપાણિ
ભટ્ટારકાચાર્ય શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ.

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

# શ્રદ્ધાંજલિ

પૂજ્યપાદ, નૈષ્ઠિક બાળ બ્રહ્મચારી, સૂરિસમ્રાટ્, શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજીના ગૌરવશાળી નામથી વિખ્યાત મહાન્ પ્રતિભાસંપન્ન, આચાર્યદેવના જેઓશ્રી પટ્ટધર છે.

જેઓશ્રીના સાત્ત્વિક પ્રવચનોથી શાસનપ્રભાવના સ્થળે સ્થળે થાય છે.

ગાંભીર્ય, સમતાગુણ, સંયમશીલપણું, આદિ ઉદાત્ત ગુણોથી જેઓશ્રી વિભૂષિત છે.

જેઓશ્રીનો વિશાળ સમુદાય અને તેમાં તૈયાર થએલા વિશિષ્ટ મુનિઓને નિરખતાં 'રોહિણી' કર્તવ્યની ચરિતાર્થતા અનુભવાય છે.

જેઓશ્રીનું પાંડિત્ય, અધ્યયન, અધ્યાપન, પ્રવચન, ગ્રન્થલેખન વગેરેમાં અછતું રહેતું નથી.

શાસ્ત્રવિશારદ, કવિરત્ન, પીયૂષપાણિ, તે–બાળ બ્રહ્મચારી પૂજ્યપાદ, આચાર્ય પ્રવર, **શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી** મહારાજશ્રીને મારી આ સવિનય વન્દન પૂર્વકની શ્રદ્ધાંજલિ છે.

આશા છે કે શાસનપ્રગતિની તેમની તમન્ના શાસનદેવ પૂરી કરે અને વિજયશાળી ગૌરવશીલ પટ્ટધરપદ દિન પરદિન વધુ શોભનીય રહે એવું અંતરથી ઈચ્છી વિરમું છું. ૐ શાંતિ.

તા. ૩૦–૧૨–૫૩
૧૬૫, બજારગેટ સ્ટ્રીટ, કોટ
મુંબઇ નં. ૧

લી.
કૃપાકાંક્ષી સેવક,
**શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ**

# પ્રાસ્તાવિક

લાલવાડી, વિ. સં. ૨૦૧૦,
પોસ શુકલા પંચમી.

લેખક–પંન્યાસજી મહારાજ ગણિવર્ય 'ભદ્રંકરવિજયજી'

'નયમાર્ગોપદેશિકા' નામની બાવન પાનાની આ નાની પુસ્તિકા ઉપર પ્રસ્તાવના પણ નાની હોવી ઘટે છે.

આ પુસ્તિકાના બે વિભાગ છે. એકનું નામ 'નયરેખા-દર્શન' અને બીજાનું નામ 'નયસ્વરૂપદર્શન.' પ્રથમ વિભાગ લેખકના લખવા પ્રમાણે સામાન્ય કક્ષાના જ્ઞાન માટે છે, જ્યારે બીજો વિભાગ ઉચ્ચ કક્ષાના જ્ઞાન માટે છે. બન્ને વિભાગો પ્રશ્નોત્તર શૈલિએ લખાયેલ હોવાથી વાંચનારને કેટલીક સરળતા પ્રાપ્ત થાય છે. બન્ને વિભાગનું લખાણ લેખકનું સ્વતંત્ર નથી પણ અનેક પુસ્તકોના વાચન અને મનનમાંથી દોહનરૂપે છે. સ્યાદ્વાદ–સપ્તભંગ અને નયવાદ એ જૈનોના સ્વતંત્ર વિષયો છે. અન્ય દર્શનકારોનો એ વિષયમાં ચંચુપ્રવેશ પણ થયો નથી, તેથી જૈન દર્શનની વિશેષતા જાણવાની અભિલાષાવાળા પ્રત્યેક મુમુક્ષુ આત્માને એનું જ્ઞાન મેળવવું અનિવાર્ય છે, એટલું જ નહિ પણ સ્યાદ્વાદ, સપ્તભંગવાદ કે નયવાદને અંશે પણ જાણ્યા વિના જૈન દર્શનને સમજ્યાનો કે સમજવાનો દાવો કોઈથી પણ કરી શકાય તેમ નથી. લેખક પોતે આ વાતને

સારી રીતે સમજેલા છે. તેથી પોતે વર્ષો થયાં આ વિષયને સમજવાનો અને યથાશક્તિ સમજાવવાનો પ્રયાસ આવી નાની નાની પુસ્તિકાઓ દ્વારા કરી રહ્યા છે અને તેના જ પરિણામરૂપે આ પણ એક પુસ્તિકા બહાર પડે છે. આ પુસ્તિકામાં લખેલું બધું જ લખાણ પ્રમાણુસિદ્ધ, અને શાસ્ત્રોક્ત છે, એ જાતિનો દાવો લેખક પોતે પણ કરતા નથી. પરંતુ એટલું તો અવશ્ય છે કે નયવાદ સંબંધી જે માહિતી આ ગ્રન્થમાં અપાઈ છે, તેના આધારે કોઈ પણ જિજ્ઞાસુ વ્યક્તિ નયવાદના વિશેષ અભ્યાસમાં પ્રવેશ કરવા માટે પૂર્વ પરિચય આ પુસ્તિકાના વાચન-મનનથી મેળવી શકશે. નયવાદ એટલો ગંભીર છે કે તેને પૂરેપૂરી રીતે સમજવાનો દાવો કરવો એ ગમે તેવા બુદ્ધિમાનને માટે પણ અશકય છે, તો પણ તેને સમજ્યા વિના જો જૈન દર્શન સમજી શકાય તેમ ન જ હોય અને જૈન તરીકેનું સાચું જીવન પસાર કરવાની ભાવના ફળીભૂત થઈ શકે તેમ ન જ હોય તો જેટલી રીતે અને જેટલા અંશે તેને સમજાય તેટલી રીતે અને તેટલા અંશે તેને સમજવા માટે પ્રયાસ ચાલુ રાખવો—એ કર્તવ્યરૂપ થઈ પડે છે. આ વિષયમાં ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજની આલેખેલી નીચેની એક પંક્તિ ઘણી માર્ગદર્શકરૂપ થઈ પડે છે. સાચો જૈન કોણ ? તેને સમજાવતાં તેઓ શ્રીમાન્ ફરમાવે છે કે—

સ્યાદ્વાદ પૂરન જો જાને
નયગર્ભિત જસ વાચા

ગુણ પર્યાય દ્રવ્યશું બૂઝે
સોહી જૈન હૈ સાચા–પરમગુરુ
જૈન કહો કયોં હોવે.

જૈન કેવી રીતે થવાય ? એ પ્રશ્નના ઉત્તરમાં તેઓશ્રી જે અનેક વાતો ફરમાવે છે, તેમાં એક વાત આ પણ છે કે જે સ્યાદ્વાદને પૂર્ણપણે જાણે છે, જેની વાણી સદા નયવાદથી ગર્ભિત છે, જે વસ્તુને તેના ગુણ, પર્યાય અને દ્રવ્ય એ ત્રણે સ્વરૂપે પિછાને છે, તે જ ( અથવા તેની નિશ્રાએ રહેલો જ ) સાચો જૈન થવાની યોગ્યતા ધરાવે છે. અહીં પૂર્ણ સ્યાદ્વાદ લખ્યો છે. તેનો અર્થ સાતે ભંગ, અને સાતે નયોથી પૂર્ણ વસ્તુનો વિચાર સમજવાનો છે. કોઈ એક પણ ભંગ કે નયથી અધૂરો વિચાર હોય ત્યાં સુધી તે વિચાર સમગ્ર વસ્તુને જણાવી શકતો નથી.

આ પુસ્તિકામાં કેવળ નયોનું જ સ્વરૂપ છે. ભંગનું નથી. ભંગનું સ્વરૂપ પણ તેઓ પ્રયત્ન કરીને હવે પછી બીજી પુસ્તિકામાં બહાર પાડે તો સ્યાદ્વાદના જિજ્ઞાસુ-ઓને તે ઉપયોગી થઈ પડશે.

અહીં નયવાદ, ભંગવાદ, કે સ્યાદ્વાદ એ શું વસ્તુ છે તેને થોડા શબ્દોમાં પણ સ્પષ્ટપણે સમજાવવાનો આપણે પ્રયાસ કરીશું તો તે ઉચિત જ લેખાશે.

જૈન દર્શનમાં વસ્તુનું જ્ઞાન પ્રમાણ અને નય ઉભયથી કરવાનું ફરમાવ્યું છે, 'प्रमाणनयैरधिगमः ।' એ વાચક શ્રી ઉમાસ્વાતિજીનું પ્રસિદ્ધ વચન છે. વસ્તુનો

અધિગમ અર્થાત્ જ્ઞાન, પ્રમાણો વડે અને નયો વડે થઈ શકે છે. જૈન દર્શનમાં પાંચ જ્ઞાન એ પ્રમાણ સ્વરૂપ છે. તેનાં નામ, અનુક્રમે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ છે. તેમાં પ્રથમનાં બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે અને પછીનાં ત્રણ જ્ઞાન એ પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રત્યક્ષ એટલે ઈંદ્રિય અને મનની સહાય વિના જ જે કેવળ આત્માથી જણાય તે. પરોક્ષ એટલે જે જાણવા માટે આત્માને ઈંદ્રિયો અને મનની સહાય આવશ્યક છે. મતિ-જ્ઞાન પાંચ ઈંદ્રિય અને મનની સહાયથી થાય છે અને શ્રુત-જ્ઞાન એકલા મનની સહાયથી થાય છે. 'નય' એ શ્રુત-જ્ઞાનનો જ પ્રકાર છે.

જે જ્ઞાન વસ્તુના એક અંશને ઈતર અંશોનો અપ-લાપ કર્યો વિના, જણાવે તે નય શ્રુત છે. સ્વાભિપ્રેત અંશને જણાવવાની સાથે ઈતર અંશોનો અપલાપ કરે તે દુર્નય શ્રુત છે. અને વસ્તુના સમગ્ર અંશોને જણાવે તે સ્યાદ્વાદ શ્રુત છે. આ જ વાત આપણે એક દૃષ્ટાંતથી સમજીએ. ધર્મના અનુક્રમે ચાર પ્રકાર છે. દાન, શીલ, તપ અને ભાવ તે ચારમાંથી કોઈ એકને જ ધર્મ તરીકે સ્થાપન કરવો, તે નયશ્રુત છે. એકને ધર્મ તરીકે જણાવી બીજાના ધર્મ સ્વ-રૂપનો નિષેધ કરવો તે દુર્નય શ્રુત છે. અને ક્રમશઃ ચારેને ધર્મ તરીકે વર્ણવવો તે સ્યાદ્વાદ શ્રુત છે. વળી ધર્મને આરાધવા માટે અનુક્રમે ત્રણ ગુણોની અથવા ત્રણ તત્ત્વોની આવશ્યકતા છે. જેમકે જ્ઞાન, દર્શન, ચારિત્ર અથવા દેવ, ગુરુ અને ધર્મ. તેમાં કોઈ એકનો સ્વીકાર તે નય, એકના સ્વીકાર સાથે બીજાનો

તિરસ્કાર તે દુર્નય અને ત્રણેનો સ્વીકાર તે સ્યાદ્વાદ. જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે, એ વાકય સાચું છે. પણ એ એક જ મોક્ષમાર્ગ છે, એમ કહેવું એ સાચું નથી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે એકત્ર મળીને મોક્ષનો માર્ગ બને છે. તેવી જ રીતે દેવની પૂજા એ મોક્ષનો માર્ગ છે, એ વાકય સાચું છે પણ એ એક જ વાકય સાચું છે એમ નથી. ગુરુ-વંદન પણ મોક્ષમાર્ગ છે, ધર્મનું આરાધન પણ મોક્ષનો માર્ગ છે. ત્રણેનો મોક્ષના માર્ગ તરીકે સ્વીકાર—સ્યાદ્વાદ શ્રુત છે.

ત્રણમાંથી કોઈ એકને સ્વીકારનાર નયશ્રુત છે. અને કોઈ એકને સ્વીકારી અન્યનો નિષેધ કરનાર દુર્નયશ્રુત છે. આ જ વાતને વ્યવહારિક દૃષ્ટિએ સમજવી હોય તો મોદ-કનું દૃષ્ટાંત છે. મોદક એ ઘી, ગોળ અને આટો, એ ત્રણે વિધિપૂર્વક એકત્ર મળે ત્યારે થાય છે. એ ત્રણમાંથી કોઈ એકને મોદકનું કારણ કહેવું, એ નય છે. એકને કહીને બીજાનો નિષેધ કરવો, એ દુર્નય છે. ત્રણેનું સ્થાપન કરવું એ સ્યાદ્વાદ છે. બીજું દૃષ્ટાંત ઘરનું છે. કોઈ પણ ઘર અથવા મકાન તેના પાયાની, ભીંતની અને છાપરાની અપેક્ષા રાખે છે. ઘર માટે પાયાનો સ્વીકાર કરવો, પાયા સિવાય બીજાનો ઇન્કાર કરવો અને ત્રણેનો સ્વીકાર કરવો એ ત્રણે વાકયો દેખીતી રીતે જ ભિન્ન છે. એ ત્રણે વાકયોને અનુ-ક્રમે નય, દુર્નય અને સ્યાદ્વાદની સંજ્ઞા આપી શકાય. આ રીતે સ્યાદ્વાદ, નયવાદ અને દુર્નયવાદ પ્રત્યેક સ્થળે વિચારી શકાય છે. દુર્નયવાદ એકાંતવાદ છે. સ્યાદ્વાદ

અનેકાંતવાદ છે. અને નયવાદ એ અનેકાંતવાદનો જ એક અંશ છે.

જૈન દર્શનમાં એકાંતવાદને મિથ્યા ઠરાવ્યો છે. મોક્ષ માર્ગમાં તે વિઘ્નભૂત છે, અનર્થકર છે, અસદ્ અભિનિવેશને પોષનાર છે. અનેકાંત વાદ મિથ્યાઅભિનિવેશને ટાળનાર છે, માધ્યસ્થ પરિણતિને પોષનાર છે તથા મુમુક્ષુઓને સર્વ પ્રકારની વિરાધનાઓથી બચાવી આરાધનાના માર્ગે ચઢાવનાર છે.

નયવાદની ઉપયોગિતા, પ્રવૃત્તિમાં દૃઢતાને લાવનારી છે તથા સાચા કારણનો સ્વીકાર કરી અન્ય પણ તેટલાં જ સાચા કારણોનો ઈન્કાર કરાવતાં બચાવી લેનાર થાય છે. મુમુક્ષુઓને આ જ્ઞાન ઘણું જ ઉપકાર કરનારૂં થાય છે અને જૈન શાસ્ત્રકારોના અભિપ્રાય મુજબ આ નયવાદ અને સ્યાદ્વાદનું રહસ્યપૂર્ણ જ્ઞાન નહીં થવાને લીધે જ જીવ અનાદિકાળથી એકાંતવાદમાં તણાઈ આ ભવાટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે. એમાંથી જીવને બચાવી લેનારૂં સમ્યગ્જ્ઞાન નયવાદ અને સ્યાદ્વાદથી જ પ્રાપ્ત થઈ શકે છે. એ નયવાદ અને સ્યાદ્વાદને તેના સાચા સ્વરૂપમાં વિસ્તારથી સમજાવનાર પૂર્વાચાર્યોના અનેક ગ્રન્થ રત્નો આજે પણ મોજુદ છે. તેમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિનો રચેલો 'સમ્મતિ તર્ક' ગ્રન્થ સૌથી મોખરે છે.

બીજો શ્રી મલ્લવાદીનો નયચક્ર છે. તે ઉપરાંત શ્રી હરિભદ્ર સૂરીશ્વરજીની અનેકાંતજયપતાકા, વાદિદેવસૂરિજીનો

પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિજીનો સ્યાદ્વાદમંજરી નામની ટીકાવાળો અન્યયોગવ્ય-વચ્છેદદ્વાત્રિંશિકારૂપ, તથા પ્રમાણમિમાંસા, ઉપાધ્યાય શ્રીમદ્-યશોવિજયજી વિરચિત શાસ્ત્રવાર્તાસમુચ્ચયની ટીકા સ્વરૂપ સ્યાદ્વાદકલ્પલતા તથા બીજા પણ નય–પ્રદીપ, નય–રહસ્ય, નયોપદેશ ઈત્યાદિ નાનાં નાનાં પ્રકરણો અનેક છે. તેને ગુરુગમથી ભણવા અને સમજવા માટે સાચા અંતઃકરણથી જેઓ પ્રયાસ કરે છે, તેઓને જ્ઞાનનો કોઈ નવો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત થાય છે કે જે પ્રકાશના તેજમાં મિથ્યાજ્ઞાનાંધકાર નાશ પામે છે અને સમ્યગ્જ્ઞાનરૂપી ભાનુ સહસ્ર કિરણો વડે અંતરમાં અજવાળાં પાથરે છે.

# નિવેદન

ભારતવર્ષમાં વેદાંત, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, નૈયાયિક અને ચાર્વાક ષટ્દર્શનો પ્રખ્યાત છે. તેમાં જૈન દર્શન સર્વ-શ્રેષ્ટ અને સર્વોપરી છે. કારણ કે તે ષટ્દર્શનો તેમાં સમાય છે. મહાન્ યોગી શ્રીમદ્ આનંદઘનજી મહારાજ પણ તેજ કહી રહ્યા છે "**જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જીનવર ભજના રે**"

નય, સપ્ત ભંગ અને સ્યાદ્વાદએ એ તેના પ્રતિષ્ઠિત અને ગૌરવવંતા સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતોનું જ્ઞાન ગહન છે તેનો પાર તો કોઈ અગાધજ્ઞાની જ પામી શકે છે તે છતાં તેના સાધારણ જ્ઞાનની તો દરેક જૈનો માટે અનિવાર્ય આવશ્યકતા છે. તે વિના તો તે સાચો જૈન બનતોજ નથી. આ માટે પ્રસ્તાવનામાં પણ વિદ્વાન પન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે ભાર દેઈને કહ્યું છે.

તેના વિશેષ જ્ઞાનમાં પ્રવેશ કરનારને પૂર્વ પરિચય તરીકે જ્ઞાન કરાવવાના શુભ ઉદ્દેશથી જ આ નયમાર્ગોપદે-શિકાનો જન્મ થયો છે.

નયો એક બીજાને અવિરોધે રહેલા છે. કોઇ નય બીજાનો વિરોધ કરતો નથી. વિરોધ કરવા જાય તો આ પુસ્તકના પાછલા ટાઈટલ પેઈજ ઉપર તેનું જે આદર્શ ચિત્ર આલેખ્યું છે તેવી રીતે તે તત્ત્વ–તરુનો નાશ કરે છે. અને પોતે દુર્નય કહેવાય છે.

નય સંબંધી પ્રથમ સંવત ૧૯૮૮ની સાલમાં જ્યારે હું પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલમાં સુપ્રીન્ટેન્ડન્ટ હતો ત્યારે કેટલાંક નયનાં પુસ્તકો અવલોકી તેના દોહનરૂપે મેં 'નય રેખા દર્શન' હાઈસ્કુલના વિદ્યાર્થીઓ માટે લખેલ હતું જે આત્માનંદ જૈન પ્રકાશે પ્રગટ પણ કરેલ અને તે મેં પછીથી જૈન તત્ત્વ સાર-સારાંશ નામના મારા પુસ્તકમાં પણ પ્રગટ કરેલ છે, તેમાં ઘટતો સુધારો વધારો કરી તેને પ્રથમ વિભાગમાં સામાન્ય કક્ષાના જ્ઞાન તરીકે આ પુસ્તકમાં આપેલ છે. અને દ્વિતીય વિભાગમાં ઉચ્ચ કક્ષાના જ્ઞાન માટે જણાવેલ છે. આવી રીતે આ પુસ્તકનો બે વિભાગમાં સમાવેશ કરેલ છે, આ બંને વિભાગ બહુ જ સાદી, સરળ ભાષામાં અને પ્રશ્નોત્તરીના રૂપમાં આલેખેલ છે. જે જૈનછાત્ર આલમને તેનો અભ્યાસ કરવો બહુ જ અનુકુળ પડશે એમ મારૂં માનવું છે.

હમણાં મેં તત્ત્વાર્થ પ્રશ્નોત્તર દીપિકાનું પ્રથમ પુસ્તક પ્રગટ કર્યું છે તેમાં નય સંબંધી જ્ઞાન જે જે પુસ્તકો હાથમાં આવ્યાં તે વાંચી તેના દોહનરૂપે તેના મૂળ લખાણમાં ઉમેરો કરેલ તેથી તેને જુદા પુસ્તક રૂપે છપાવવાની મારી ઇચ્છા ન્હોતી પરંતુ જ્યારે અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળના સેક્રેટરી શ્રીયુત લલ્લુભાઈ કરમચંદ દલાલે મને આચાર્યવરયોગનિષ્ઠ શાસ્ત્રવિશારદ શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત આત્મપ્રકાશની દ્વિતીયાવૃત્તિ છપાતી હોવાથી તેનું મૂળ પુસ્તક મને વાંચવા અને જોઈ જવા કહેલ તેથી તે પુસ્તક વાંચતાં અંદર નયનો વિષય પૂજ્ય ગુરુદેવે બહુ જ સરસ રીતે

લખેલો જોઈ નયના જ્ઞાનમાં વિશેષ પ્રવેશ કરનારને પૂર્વ પરિચય તરીકે આટલું ઠીક છે એમ મને લાગવાથી આ પુસ્તક પ્રગટ કરવાની ઇચ્છા ઉદ્ભવી. આથી જે નય જ્ઞાન મેં તત્ત્વાર્થ પ્રશ્નોત્તર દીપિકામાં આપેલ છે તેમાં આનો ઉમેરો કરી તે પ્રગટ કરવામાં આવેલ છે અને તેમાં રા. રા. શ્રીયુત ડૉ. **ભગવાનદાસે** હમણાં શ્રીમાન્ મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** કૃત નય પ્રદીપનો અનુવાદ કર્યો છે તેમાંથી પણ તથ્ય જે કંઈ આ પુસ્તકમાં લેવા જેવું લાગ્યું તે લેઈ પુસ્તકના ગૌરવમાં વધારો કર્યો છે. બાકી આ પુસ્તકમાં શાસ્ત્રીય જ્ઞાન સિવાય કોઈ પણ જાતની મતિ કલ્પનાને તેમાં સ્થાન આપ્યું નથી. ટુંકાણમાં આ નય જ્ઞાનની રસમય ચુંટણી છે.

આ પુસ્તક તૈયાર કર્યા પછી પરમશ્રુત ગીતાર્થ શાસ્ત્રવિશારદ પન્યાસજી મહારાજ શ્રી **ધુરંધરવિજયજી** ગણીને અવલોકવા આપેલ હતું તેમને તેને બરોબર ચિવટાઈથી જોઈ, સુધારી અને તે પ્રગટ કરવા સંબંધી પોતાની ઈચ્છા વ્યકત કરી હતી. ત્યારબાદ જૈન ધર્મના નિષ્ણાત સેવાભાવી શ્રીયુત **ફતેહચંદ ઝવેરચંદને** તે બતાવેલ અને તેમણે તો પ્રથમ તકે છપાવવાની પોતાની તીવ્ર ઉત્કંઠા જણાવેલ. આથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે.

આ સ્થળે મને કહેતાં આનંદ થાય છે કે પરમપુજ્ય વિદ્વદ્વર્ય પન્યાસજી શ્રી **ધુરંધરવિજયજીગણી** સંસ્કૃતના વિષયમાં બહુ ઊંડું જ્ઞાન ધરાવે છે તેમ તેમનું શાસ્ત્રીય

ઉચ્ચ કક્ષાનું જ્ઞાન જોઈ મને હર્ષાશ્રુ આવે છે. તેમની શાસન પ્રતિ ધગશ અને ગાંભીર્ય નિહાલી આનંદ પામું છું અને તે એટલા માટે કે તેઓ પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં વિદ્યાર્થી તરીકે મારા હાથ નીચે થોડો વખત રહ્યા હતા. તેમ તેમના દીક્ષા પર્યાયમાં પણ મારો યત્કિંચિત્ ભાગ છે. મને આશા છે કે તેઓશ્રી પોતાના ગુરુદેવનું નામ દિપાવશે અને સૂરિ સમ્રાટ્ **વિજયનેમિસૂરીશ્વરજી**ની પાટ શોભાવશે. આવા વિદ્વાન્ મુનિપુંગવો શાસનમાં વિરલ છે. આ પુસ્તક પ્રગટ કરવામાં તેઓશ્રીની સહાનુભૂતિ અને તેમના પ્રગુરુદેવ આચાર્યશ્રી **વિજયઅમૃતસૂરીશ્વરજી**ની કૃપા એ જ મુખ્ય છે. જૈન ધર્મનું ગૌરવ સ્યાદ્વાદ, સપ્તભંગી નય અને નિક્ષેપામાં રહેલું છે. એમ સૌ કોઈ ગીતાર્થ મુનિ પુંગવો કહે છે પરંતુ તેનો પ્રચાર જોઈએ તો તે સાગરમાં બિંદુ માત્ર છે. માટે જૈન ધર્મનાં ગૌરવ પ્રતિષ્ઠા વિશિષ્ટતા અને વિશ્વવ્યાપકતા જો વધારવાં હોય તો આ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રને જેમ બને તેમ વધુમાં વધુ વિકસાવવાં જોઈએ.

આપણામાં છાત્રવર્ગને ભણવામાં અનુકુળ પડે તેવી રીતનાં પાઠય પુસ્તકો પણ અત્યારે પ્રગટ કરવાની અનિવાર્ય જરૂર છે. તે વિના ધર્મ જ્ઞાનની સંગીનતા કરવાની પણ તે આશા રાખવી ફોકટ છે. નયવાદમાં દરેક દર્શનોનો સમાવેશ થઇ શકે છે. તેમ કયું દર્શન કેટલી હદે છે તે પણ દર્શનકારો તેમાંથી નિરીક્ષણ કરી શકે તેમ છે. મધ્યસ્થ ભાવનાથી દરેક દર્શનકારોની સાથે તે સમન્વય કરાવવામાં અપૂર્વ સાધન છે.

સુખડના વૃક્ષોનો સ્વાભાવિક સ્વભાવ છે કે તે પાસે આવનાર પથિકને તેની સુંદર સુવાસ સમર્પે છે, તેમ જ જગતમાં જેઓ શિષ્ટ પુરુષો છે, વિશુદ્ધ ચારિત્રવાન, જ્ઞાન-ગુણે ગંભીર, સમતાભાવી, સેવાભાવી અને વિશ્વ ભાવનાના પ્રેરક છે તેઓ પણ સુખડના વૃક્ષ જેવા જ છે. આવો અનુભવ મને મુનિ પુંગવ પ્રખર જ્ઞાની પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પરિચયમાં થયો, અને તેથીજ મેં તેઓશ્રીની પાસે 'નયમાર્ગોપદેશિકા'ની પ્રસ્તાવના લખવાને વિનંતિ કરી અને તે તેઓશ્રીએ સ્વીકારી તે માટે તેઓ શ્રીનો અંતઃકરણ પૂર્વક આભારી છું અને કહ્યા વિના ચાલતું નથી કે આવાં મુનિરત્નો શાસનમાં વિરલ હશે. પૂજ્ય ગુરુવર્યે પ્રસ્તાવનામાં મારી અંતર ધારણાનો સ્ફોટ કર્યો તે તેમની બુદ્ધિમત્તાને આભારી છે, એટલું તો ચોકસ છે કે જૈન ધર્મનું ગૌરવ, મહત્તા અને પ્રતિષ્ઠા વધારવી હોય અને સાચા જૈન તરીકેનો દાવો કરવો હોય તો નયવાદ, સ્યાદ્વાદ અને સપ્ત ભંગનું જે જ્ઞાન અત્યારે શૂન્યવત્ છે તેને વિસ્તારવાની પહેલી તકે અનિવાર્ય જરૂર છે. પૂજ્ય ગુરુવર્યે પણ પોતાની પ્રસ્તાવનામાં પણ શ્રીમાન મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના ટંકશાળી શબ્દ ટાંકી તે બાબત ભારપૂર્વક જણાવી છે.

પૂજ્ય ગુરુવર્યે સ્યાદ્વાદ, નયવાદ અને સપ્તભંગ એ શું છે તેની ભૂમિકા જે દૃષ્ટાંત સાથે સમજાવી છે તે ઉપર વાચકવૃંદનું ધ્યાન ખેંચું છું.

સ્યાદ્વાદ મત સમીક્ષાની તૃતીયાવૃત્તિ મેં બહાર પાડી

હતી. જેનું અત્યારે પં. ભદ્રંકરવિજયજીએ પૂજ્ય ગુરુવર્ય હિંદી થાય છે 'સમ્મતિ તર્ક'ને મોખરે ગણે છે. અને તે યથાર્થ છે. સ્યાદ્વાદ મત સમીક્ષામાં પણ મેં તેનો કેટલોક આશરો લીધો છે. પંજાબ કેશરી આચાર્યદેવ વિજય-વલ્લભ સૂરીશ્વરજીના ઉપદેશથી રા. રા. શ્રી ખીમજીભાઇ છેડા જવેલરી માર્ટવાળા તરફથી વિદ્વદ્દરત્ન મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી મારફત તેનું હિંદી થાય છે અને થોડા વખતમાં તે પુસ્તિકા રૂપે બહાર પડશે. સપ્તભંગી સ્વરૂપનો વિષય મેં જૈન ધર્મ પ્રકાશમાં લખવો ચાલુ કર્યો છે. પ્રથમ ભંગ છપાઇ ગયો છે. હવે બીજો ભંગ ચાલશે.

હું વિદ્વાન નથી, સાક્ષર નથી તેમ આ વિષયનો પારંગત પણ નથી. પરંતુ આ વિષયમાં મને રસ હોવાથી યથાશકિત અનુસાર શાસ્ત્રાનુસાર પ્રયત્ન સેવી રહ્યો છું. અને આ પુસ્તકમાં બની શકે તેટલી ચિવટ રાખી છે છતાં તેમાં કંઈ વાચકને ક્ષતિ જણાય તો તે જણાવી આભારી કરશે. ઇત્યલમ્ ૐ શાંતિ.

૧૬૫, બઝાર ગેટ, સ્ટ્રીટ, કોટ — નિવેદક :
મુંબઇ નં. ૧ — શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ
વિ.સં. ૨૦૧૦ મકરસંક્રાંતિ.

ૐ શ્રી પરમાત્મને નમઃ

# નય માર્ગોપદેશિકા

## પ્રથમ વિભાગ

### * નય રેખાદર્શન

(સામાન્ય કક્ષાના જ્ઞાન માટે)

### પ્રશ્નોત્તરાવલિ

પ્ર૦—નય એટલે શું ?

ઉ૦—નય એ આંશિક (અંશતઃ) સત્ય છે. અનેક ધર્મવાળી વસ્તુમાં અમુક ધર્મને લગતો જે અભિપ્રાય બંધાય છે, તેને જૈન શાસ્ત્રો નયની સંજ્ઞા આપે છે.

પ્ર૦—નિશ્ચય નય એટલે શું ?

---

* આ નય રેખાદર્શન સંવત ૧૯૮૮ ની સાલમાં જ્યારે હું પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળનો સુપ્રીન્ટેન્ડન્ટ હતો ત્યારે હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ માટે કેટલાક નયનાં પુસ્તકો અવલોકી તેના દોહનરૂપે પ્રગટ કરેલ હતું, જે જૈન તત્ત્વસારસારાંશમાં મેં પ્રગટ કરેલ છે તેમાંથી થોડો સુધારો વધારો કરી આ આલેખેલ છે.

ઉ૦—જે દષ્ટિ, વસ્તુની તાત્ત્વિક સ્થિતિ, અર્થાત્ વસ્તુના મૂળ સ્વરૂપને સ્પર્શ કરનારી છે તે નિશ્ચય નય કહેવાય છે.

પ્ર૦—વ્યવહાર નય એટલે શું ?

ઉ૦—જે દૃષ્ટિ, વસ્તુની બાહ્ય અવસ્થા તરફ લક્ષ્ય ખેંચે છે તેને વ્યવહાર નય કહે છે.

પ્ર૦—નયની વિશિષ્ટ વ્યાખ્યા કરો.

ઉ૦—અભિપ્રાય બતાવનાર શબ્દ, વાકય, શાસ્ત્ર કે સિદ્ધાંત એ બધું નય કહી શકાય.

પ્ર૦—નયને સંપૂર્ણ સત્ય તરીકે માની શકાય કે નહિ ?

ઉ૦—તેને સંપૂર્ણ સત્ય તરીકે માની શકાય નહિ.

પ્ર૦—નયો કેટલા છે. ?

ઉ૦—તેની ગણુના કરી શકાય તેમ નથી.

પ્ર૦—તે શી રીતે સમજી શકાય ?

ઉ૦—અભિપ્રાયો કે વચન પ્રયોગો જ્યારે ગણુત્રી બહાર છે તો નયો તેથી જુદા ન હોવાથી તેની ગણુના થઈ શકે નહિ.

પ્ર૦—દ્રવ્ય કોને કહેવાય ?

ઉ૦—મૂળ પદાર્થને દ્રવ્ય કહેવાય છે.

પ્ર૦—પર્યાય કોને કહેવાય ?

ઉ૦—દ્રવ્યના પરિણામને પર્યાય કહેવાય છે.

પ્ર૦—કોઈ વસ્તુનો સમૂળગો નાશ કે બીલકુલ અપૂર્વ ઉત્પાદ છે ?

ઉ૦—નથી.

પ્ર૦—નયાભાસ એટલે શું ?

ઉ૦—અમુક ધર્મને સ્વીકારી બાકીના ધર્મનો સર્વથા નિષેધ કરનાર તેને નયાભાસ કહે છે.

પ્ર૦—નયો કેટલા છે. ?

ઉ૦—નયો સાત છે.

પ્ર૦—તેનાં નામ કયાં કયાં છે ?

ઉ૦—૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત.

પ્ર૦—સાત નયોમાં દ્રવ્યાસ્તિક કેટલા અને પર્યાયાસ્તિક કેટલા છે ?

ઉ૦—પ્રથમના ચાર નયો દ્રવ્યાસ્તિક નય છે અને પછીના ત્રણ પર્યાયાસ્તિક નય છે.

## નૈગમ નય

પ્ર૦—નૈગમ નય એટલે શું ?

ઉ૦—નૈગમ નય એટલે નિગમથી થએલ જ્ઞાન તેને નૈગમ (નિગમ એટલે વ્યવહાર લોકપ્રસિદ્ધિવાળાં શાસ્ત્રો). વળી એક નથી ગમ, અભિપ્રાય, આશય, જેમાં, તે નૈગમ કહેવાય છે. વળી ગુણનો એક અંશ ઉપજયો હોય દાખલા તરીકે સર્વ જીવના આઠ રુચક પ્રદેશ નિર્મળ છે, સિદ્ધસમાન છે તેથી સર્વ-

જીવોને સિદ્ધ કહેવા એ નૈગમ નયની માન્યતા છે. ટુંકાણુમાં આ નય અંશને સંપૂર્ણ વસ્તુ માને છે અને કારણ ને કાર્ય માને છે.

પ્ર૦—વળી નૈગમ નય એટલે શું ?

ઉ૦—તે સામાન્ય તથા વિશેષ વગેરે જ્ઞાનવડે વસ્તુને માને નહિ પણ સામાન્ય વિશેષ વિગેરે અનેકરૂપથી વસ્તુને માને તે નૈગમ નય કહેવાય છે. જેવી રીતે હું લોકમાં વસું છું. વળી કોઈ પૂછે કે તમો કયાં વસો છો ? ત્યારે કહે કે લોકમાં, ત્યારે ફરી પૂછે કે તમો કયા લોકમાં વસો છો ? ત્યારે કહે કે અમો ભરતખંડમાં વસીએ છીએ. ત્યારે પૂછે કે તમો કયા દેશમાં રહો છો ? ત્યારે કહે કે હું ગુજરાતમાં રહું છું. આમ નૈગમ નય સામાન્ય વિશેષ વિગેરે જ્ઞાનવડે વસ્તુને માને નહિ પણ ઉપર લખ્યું તેમ સામાન્ય વિશેષ વિગેરે અનેક રૂપથી વસ્તુને માને છે. સામાન્ય તે વિશેષ થાય છે વળી વિશેષ તે સામાન્ય થાય છે. આમ સામાન્ય વિશેષના અનેક રૂપથી વસ્તુને માને છે. વળી આ નય અંશગ્રાહી હોવાથી દેશ (ખંડ)ને પણ સંપૂર્ણ સત્ય માની લે છે. વળી આ નય સંકલ્પ કલ્પનાને ભજનારો છે તેથી કલ્પનાથી પણ વસ્તુનો વ્યવહાર કરે છે તે એક-રૂપે નહિ પણ ઉપર બતાવ્યું તેમ અનેકરૂપે વસ્તુને માને છે.

પ્ર૦—આ નયના કેટલા પ્રકાર છે અને તે કયા કયા ?

ઉ૦—તેના ત્રણ પ્રકાર છે. (૧) ભૂત (૨) ભવિષ્ય અને (૩) વર્તમાન.

પ્ર૦—ભૂત નૈગમ એટલે શું ?

ઉ૦—ભૂત નૈગમ એટલે થઇ ગએલી વસ્તુનો વર્તમાનરૂપે વ્યવહાર કરવો તે. દાખલા તરીકે, તેજ આ દિવાળીનો દિવસ છે કે જે દિવસે મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા હતા.

પ્ર૦—ભવિષ્ય નૈગમ એટલે શું ?

ઉ૦—થનારી વસ્તુને થઈ કહેવી. દાખલા તરીકે ચોખા પુરા ન રંધાયા હોય છતાં રંધાયા કહેવું. તેને ભવિષ્ય નૈગમ કહે છે.

પ્ર૦—વર્તમાન નૈગમ એટલે શું ?

ઉ૦—ક્રિયા શરૂ થઈ ન હોય છતાં તેની તૈયારી જોઇ કહેવું કે થઈ છે.

પ્ર૦—નૈગમ નયનો વિષય સૌથી વધારે વિશાળ હોવાનું કારણ શું ?

ઉ૦—નૈગમ નયનો વિષય સૌથી વધારે વિશાળ છે. કારણ કે તે સામાન્ય વિશેષ બન્નેને ભિન્ન ભિન્ન લોકરૂઢિ પ્રમાણે કયારેક ગૌણભાવે અને કયારેક મુખ્ય ભાવે અવલંબે છે. તેનો દાખલો આગળ આપ્યો છે તે ઉપરથી જાણી લેવું.

## સંગ્રહ નય

પ્ર૦—સંગ્રહ નય એટલે શું ?

ઉ૦—સમ્ એટલે સમ્યક્ પ્રકારે અને ગ્રહ્ એટલે

ગ્રહવું. અર્થાત્ જે સમ્યક્ પ્રકારે ગ્રહણ કરાય છે તેને સંગ્રહ નય કહે છે. સંગ્રહ નયમાં સામાન્યની માન્યતા છે પણ વિશેષની નથી. તેની વ્યાખ્યા નીચે પ્રમાણેઃ—

"સામાન્ય રૂપવડે સર્વ વસ્તુઓને પોતાનામાં અંતર્ગત કરે છે અર્થાત્ સામાન્ય જ્ઞાનનો વિષય છે.

પ્ર૦—આ નયની કેવી માન્યતા છે?

ઉ૦—તે સત્તાગ્રાહી છે. એટલે માને છે કે સર્વજીવો સત્તારૂપે સરખા છે. બીજમાં જેમ વૃક્ષની સત્તા છે તેમ તેની માન્યતા છે કે 'સત્' રૂપપણાનો ઉચ્ચાર કરવાથી તેમાં જગતના સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ થાય છે.

પ્ર૦—સામાન્ય ધર્મથી શું થાય છે?

ઉ૦—સામાન્ય ધર્મથી અનેક વ્યકિતઓમાં એક જાતિથી એકતા બુદ્ધિ થાય છે.

પ્ર૦—વળી સંગ્રહ નય કેવો છે?

ઉ૦—એક નામ લીધાથી સર્વગુણપર્યાય પરિવાર સહિત આવે જેથી તે સંગ્રહ નય છે. જેમકે 'દાતણ મંગાવ્યું" તેમાં પાણી લોટો વગેરે બધું સાથે આવ્યું.

પ્ર૦—વળી આ નયનો વિષય નૈગમથી કેટલો છે?

ઉ—આ નયનો વિષય નૈગમથી ઓછો છે કારણ કે તે કેવળ સામાન્યને માને છે.

## વ્યવહાર નય

પ્ર૦—વ્યવહાર નય એટલે શું?

ઉ૦—આ નયમાં વિશેષ ધર્મની મુખ્યતા છે, કારણ કે કોઇને કેરી એમ સ્પષ્ટ નહિ કહેતાં વનસ્પતિ લેવાનું કહીએ તો શું ગ્રહણ કરશે ? માટે વિશેષને માન્ય રાખનાર આ નય છે તેથી સામાન્યને તે કબુલ રાખતો નથી.

પ્ર૦—વળી આ નય કેવો છે ?

ઉ૦—સંગ્રહનયે ગ્રહણ કરેલ વસ્તુને તે ભેદાંતરે વ્હેંચે જેથી તેને વ્યવહાર નય કહીએ.

પ્ર૦—વ્યવહાર એટલે શું ?

ઉ૦—વ્યવહાર એટલે બહુ ઉપચારવાળો, વિસ્તૃત અર્થવાળો એવો જે લૌકિક બોધ અર્થાત્ લોક જે ગ્રહે એજ વસ્તુ એમ માનનાર તે વ્યવહાર નય છે.

પ્ર૦—વ્યવહાર નયનું પ્રયોજન શું ?

ઉ૦—વ્યવહાર નયનું પ્રયોજન એ કે કંઈ સામાન્ય સંગ્રહથી વ્યવહાર ચાલી શકતો નથી. દાખલા તરીકે કોઈએ કહ્યું 'દ્રવ્ય લાવ' એમ કહેવાથી એવી આકાંક્ષા થાય છે કે 'કયું દ્રવ્ય' ? જીવ કે અજીવ, ? સંસારી કે મુકત ? આથી સિદ્ધ થાય છે કે એકલા સંગ્રહથી કંઇ જગતનો વ્યવહાર ચાલી શકતો નથી.

પ્ર૦—સામાન્ય ધર્મ એટલે શું ?

ઉ૦—સામાન્ય ધર્મવડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય છે તે સામાન્ય ધર્મ છે.

પ્ર૦—વિશેષ ધર્મ એટલે શું ?

ઉ૦—વિશેષ ધર્મવડે મનુષ્યો પોતપોતાનો લીલો પીલો ઈત્યાદિ રંગથી કે કોઇ એવા ભેદથી પોતાનો ઘડો ઓળખે છે.

પ્ર૦—સંગ્રહ નયે ગ્રહણ કરેલ વસ્તુને આ નય કેવી રીતે વહેંચે છે?

ઉ—દાખલા તરીકે દ્રવ્યના બે ભેદ છે. (૧) જીવ દ્રવ્ય અને (૨) અજીવદ્રવ્ય. તેમાં જીવદ્રવ્યના બે ભેદ છે. એક સ્થાવર અને બીજો ચર. આમ ભેદાભેદ પાડવા તે.

પ્ર—વ્યવહારનયનો વિષય સંગ્રહ કરતાં કેટલો છે?

ઉ—તેનો વિષય સંગ્રહ કરતાં અલ્પ છે કારણ કે સંગ્રહનયે સંકલિત કરેલા વિષય ઉપરજ અમુક વિશેષતાઓને આધારે પૃથક્કરણ કરતો હોવાથી માત્ર વિશેષગામી છે. તેથી તેનો વિષય સંગ્રહથી અલ્પ છે.

## ઋજુસૂત્ર નય

પ્ર—ઋજુસૂત્ર નય એટલે શું?

ઉ—આ નય વર્તમાન સમયગ્રાહી છે. વસ્તુના નવા નવા રૂપાંતરો તરફ આ નય લક્ષ્ય ખેંચે છે; દાખલા તરીકે સુવર્ણના કડાં, કુંડળ વગેરે જે પર્યાયો છે તે આ નય જુએ છે એટલે પર્યાયો સિવાય સ્થાયી દ્રવ્ય તરફ આ નયનો દૃષ્ટિપાત નથી એથીજ પર્યાયો વિનશ્વર હોવાને લીધે સદા સ્થાયી દ્રવ્ય આ નયની દૃષ્ટિએ નથી. આ નય અતીત અને અનાગત કાળની અપેક્ષા કરતો નથી. પરંતુ વર્તમાનકાળમાં

વસ્તુમાં જે પર્યાય હોય તેનો સ્વીકાર કરે છે. દાખલા તરીકે એક પરમાણુ પૂર્વે કાળું હતું હમણાં લાલ છે. ભવિષ્યમાં પીળું થશે. આ ઉદાહરણમાં બે કાલ (ભૂત અને ભવિષ્યનો) ત્યાગ કરી તે પરમાણુને વર્તમાનમાં લાલ દેખીને લાલ કહેવું એ આ નયનું લક્ષણ છે.

પ્ર—આથી આનું તાત્પર્ય શું સમજવું?

ઉ—આથી વસ્તુ વર્તમાન કાળે જેવા ગુણે પરિણમે તે પ્રમાણે તે વસ્તુને કહે છે. જેમ કોઈ જીવ ગૃહસ્થ છે પણ અંતરંગ મુનિ પરિણામે વર્તે છે તેથી મુનિ કહેવાય છે અને જે મુનિમાં ગૃહસ્થના ગુણ પ્રવર્તતા હોય તે ગૃહસ્થ કહેવાય અર્થાત્ જે જેવો હોય તેવો બોલાવે તે ઋજુસૂત્ર નયનો ઉદ્દેશ છે.

પ્ર—તેનો વિષય વ્યવહારથી કેટલો છે?

ઉ—તેનો વિષય વ્યવહારથી અલ્પ છે કારણ કે વ્યવહાર ત્રિકાળ વિષયી છે જ્યારે ઋજુસૂત્ર નય કેવળ વર્તમાન ગ્રાહી છે.

## શબ્દ નય

પ્ર—શબ્દ નય એટલે શું?

ઉ—જે વિચાર શબ્દ પ્રધાન બની કેટલાક શાબ્દિક ધર્મો તરફ ઢળી તે પ્રમાણે અર્થ ભેદ કલ્પે તે શબ્દ નય છે. આ શબ્દ નય અનેક શબ્દો વડે સુચવાતા એક વાચ્યાર્થને

એકજ પદાર્થ સમજે છે; જેવી રીતે કુંભ, કલશ, ઘટ ઈત્યાદિ અનેક શબ્દો એક વાચ્યાર્થ (ઘટને) એકજ પદાર્થ એટલે ઘડો સમજે છે. ટુંકાણમાં સમાન અર્થ વાચક જેટલા શબ્દો હોય તે આ નયની કોટિમાં આવે છે. દાખલા તરીકે રાજા, નૃપ અને ભૂપતિ એ બધાના વ્યુત્પત્તિ અર્થ જુદા છે. છતાં વાચ્યાર્થ એક હોવાથી તે બધા શબ્દનયની કોટિમાં આવે છે. ઈંદ્ર, શક્ર અને પુરંદર આ બધાના વ્યુત્પત્તિ અર્થ જુદા છે છતાં તે ઈંદ્ર તરીકે શબ્દ નયની કોટિમાં ગણાય છે વળી કપડું, લુગડું, વસ્ત્ર વિગેરે શબ્દોનો એકજ અર્થ છે તેમ આ નય સમજાવે છે.

પ્ર—ઋજુસૂત્ર અને શબ્દ નયમાં શો ફેર છે?

ઉ—વર્તમાનકાળ સ્થિતિજ એક માત્ર વસ્તુ છે એમ ઋજુસૂત્ર નય માને છે તેમ શબ્દ નય ધ્વનિ ભેદે (નહિ કે વ્યુત્પત્તિ ભેદે) ભિન્ન ભિન્ન લિંગ, ભિન્ન ભિન્ન કાળાદિવાળા શબ્દો વડે કહેવાની વસ્તુ પણ ભિન્ન ભિન્ન માને છે. દાખલા તરીકે રાજગૃહ હતું એમ લખ્યું હોય તો એમ સમજવું કે અત્યારના રાજગૃહ કરતાં પ્રથમનું રાજગૃહ જુદું હોવું જોઈએ.

પ્ર—ઋજુસૂત્ર નય કરતાં શબ્દ નયનો વિષય કેટલો છે?

ઉ—તેનો વિષય ઋજુસૂત્ર કરતાં અલ્પ છે. કારણકે કાલાદિવચન લિંગથી વહેંચતા અર્થને તે ગ્રહે છે અને ઋજુસૂત્ર નય વચન લિંગને ભિન્ન પાડતો નથી તેથી શબ્દ નયનું ક્ષેત્ર ઋજુસૂત્ર નય કરતાં નાનું છે.

## સમભિરૂઢ નય

પ્ર—સમભિરૂઢ નય એટલે શું ?

ઉ—એક વસ્તુનું સંક્રમણ જ્યારે બીજી વસ્તુમાં થાય છે તે અવસ્તુ થઈ જાય છે જેમકે ઈંદ્ર એ શબ્દરૂપ વસ્તુનું સંક્રમણ શક્ર શબ્દમાં થાય ત્યારે ઇંદ્રવાચક શબ્દ જુદો થાય છે એટલે ઇંદ્ર શબ્દનો અર્થ ઐશ્વર્યવાળો; શક્ર શબ્દનો અર્થ શકિતવાળો અને પુરંદર શબ્દનો અર્થ શત્રુના નગરને નાશ કરનારો થાય છે. તે બધા શબ્દો ઇંદ્ર વાચક છે પણ તેના અર્થ (વાચ્ય) જુદા જુદા હોવાથી તે જુદા જુદા છે એમ સમભિરૂઢ નય માને છે.

પ્ર—આ નયનું ક્ષેત્ર શબ્દ નય કરતાં કેટલું છે ?

ઉ—તેનું ક્ષેત્ર શબ્દ નય કરતાં અલ્પ છે કારણ કે શબ્દ નય ઇંદ્રરૂપ એક પર્યાયને ગ્રહતાં શક્ર, પુરંદર, શચીપતિ વિગેરે ઈંદ્ર વ્યકિત બોધક સર્વ પર્યાયને ગ્રહે છે ત્યારે સમભિરૂઢ નય જે ધર્મ વ્યકત છે તેજ વાચક પર્યાયને ગ્રહે છે માટે શબ્દ નય કરતાં તેનું ક્ષેત્ર અલ્પ છે.

## એવંભૂત નય


પ્ર—એવંભૂત નય એટલે શું ?

ઉ—પોતાનું કામ કરતી સાક્ષાત દેખાતી વસ્તુને તે વસ્તુ તરીકે માનવાનું આ નય સૂચવે છે. દાખલા તરીકે ઘટ એ શબ્દમાં ઘટ્ એ પ્રયોજક ધાતુ છે અને તેનો

અર્થ ચેષ્ટા કરવી થાય છે એટલે જે સ્ત્રીના મસ્તક ઉપર આરૂઢ થઈ ચેષ્ટા કરે તે ઘટ કહેવાય છે. ટુંકાણમાં વસ્તુ પોતાનું કામ કરતી હોય ત્યારે જ આ નય તેને વસ્તુ કહે છે નહિ તો તે વસ્તુ કહેતો નથી. સ્ત્રી માથે પાણીનો ઘડો લઇને જતી હોય છે ત્યારે જ તે તેને ઘટ કહે છે બીજી વખતે નહિ કારણ કે ઘટનો અર્થ ચેષ્ટા છે તેથી ચેષ્ટા જેમાં પામીએ તે ઘટ. બાકી ઘડો એમને એમ પડી રહ્યો હોય તેને આ નય ઘટ કહેતો નથી.

પ્ર—સમભિરૂઢ નય કરતાં આ નયનું ક્ષેત્ર કેટલું છે?

ઉ—સમભિરૂઢ નય કરતાં આ નયનું ક્ષેત્ર અલ્પ છે કારણકે આ નય પ્રતિસમયે ક્રિયાભેદે ભિન્નાર્થપણે માનતો હોવાથી અલ્પ વિષયી છે.



# નય માર્ગોપદેશિકા

## દ્વિતીયવિભાગ

### નયસ્વરૂપ

( ઉચ્ચ કક્ષાના જ્ઞાન માટે )

### નયની વ્યાખ્યા

પ્ર—નય એટલે શું ?

ઉ—બીજા અંશોનો પ્રતિક્ષેપ (અનાદર, ખંડન, નિષેધ) કર્યા વિના વસ્તુના પ્રકૃત એક અંશને ગ્રહણ કરનાર અધ્યવસાય વિશેષ.

વળી કોઈ પણ એક ધર્મ લઈ સાપેક્ષપણે વસ્તુનું પ્રતિપાદન કરવું તેને નય કહે છે. નય અથવા આંશિક સત્ય.

### નયોની સંખ્યા

પ્ર—નય કેટલા છે ?

ઉ—જેટલા વચનના પ્રકારો છે તેટલા નય છે. અને તેથી તેના અસંખ્યાત ભેદ છે.

પ્ર—સામાન્યથી તેના કેટલા ભેદ છે ?

ઉ—સામાન્યથી તેના સાત ભેદ છે.

પ્ર—તે કયા કયા ?

ઉ—(૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત.

પ્ર—આ સાત નય કહેવાનું પ્રયોજન શું ?

ઉ—નિક્ષેપામાં જેમ શબ્દ સામાન્યના ચાર જ વિભાગ પડી શકે છે તેમ જ્ઞાનીની દૃષ્ટિએ નયવિચારશ્રેણિના સાત પ્રકાર યોજવામાં આવ્યા છે. જેની અંદર તમામ વિચાર-સૃષ્ટિ સમાઈ શકે છે. સાત નય વિના વાણીની સિદ્ધતા નથી. જિનવાણી સાતે નયે સિદ્ધ છે. વૈશેષિક અને નૈયાયિક દર્શન કેવળ નૈગમ નયનેજ માને છે. સંગ્રહ નયને શુદ્ધ દ્વૈતવાદીઓ માને છે. બૌદ્ધો ઋજુસૂત્ર નયને માને છે. આમ વિવિધ જાતના દર્શનો અમુક અમુક નયનેજ માને છે પરંતુ સાતે નય માન્યા સિવાય સંપૂર્ણ સત્ય પમાતું નથી. પરમ યોગી શ્રીમદ્ આનંદઘનજી મહારાજ તેટલા માટે જ કહે છે કે "જિનવરમાં સઘળાં દર્શન છે" આથીજ જૈન દર્શન સર્વોચ્ચ, છે અને નયવાદને લીધેજ તેની પ્રતિષ્ટા છે અને સર્વ દર્શન શિરોમણિ છે, તે જિનવાણી પુરવાર કરે છે જેથી તે સાત નયે સિદ્ધ છે.

## મુખ્ય નયો

પ્ર—મુખ્ય નય કેટલા છે અને તે કયા કયા ?

ઉ—મુખ્ય નય બે છે (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

પ્ર—દ્રવ્યાર્થિક નય એટલે શું ?

ઉ—દ્રવ્યાર્થિક નય સામાન્યગ્રાહી છે. સામાન્ય અંશ એટલે કાળ અને અવસ્થાનાં ચિત્રો તરફ ધ્યાન ન આપતાં માત્ર શુદ્ધ ચેતના તરફ ધ્યાન અપાય ત્યારે તે દ્રવ્યાર્થિક નય સમજવો.

પ્ર—પર્યાયાર્થિક નય એટલે શું ?

ઉ—પર્યાયાર્થિક નય વિશેષ અંશગ્રાહી છે. ચેતના ઉપરની દેશકાળાદિકૃત વિધવિધ દિશાઓ તરફ ધ્યાન જાય ત્યારે પર્યાયાર્થિક નય સમજવો. પર્યાયનો અર્થ એ છે કે ઉત્પત્તિ વિનાશને જે પ્રાપ્ત થાય છે તે પર્યાય કહેવાય છે.

પ્ર—દ્રવ્યાર્થિક નયને કેટલા નય લગતા છે અને તે કયા કયા ?

ઉ—દ્રવ્યાર્થિક નયને ત્રણ નયો લગતા છે. (૧) નૈગમ (૨) સંગ્રહ અને (૩) વ્યવહાર.

પ્ર—પર્યાયાર્થિક નયને કેટલા નય લગતા છે અને તે કયા કયા ?

ઉ—પર્યાયાર્થિક નયને ચાર નયો લગતા છે. (૧) ઋજુસૂત્ર (૨) શબ્દ (૩) સમભિરૂઢ અને (૪) એવંભૂત.

## નયોનું નિરૂપણ

પ્ર—નયોનું નિરૂપણ એટલે શું ?

ઉ—નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ.

## નયવાદ

પ્ર—નયવાદ એટલે શું ?

ઉ—નયવાદ એટલે વિચારોનો સમન્વય કરાવનાર શાસ્ત્ર.

## નયશાસ્ત્ર

પ્ર—નયશાસ્ત્ર એટલે શું ?

ઉ—વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેના વિચારોનો સમન્વય કરાવનાર શાસ્ત્ર તે નયશાસ્ત્ર છે.

## નયની જરૂર

પ્ર—નયની જરૂર શી ?

ઉ—મનુષ્યની જ્ઞાનવૃત્તિ સામાન્ય રીતે અધૂરી હોય અને ઘમંડ વિશેષ હોય છે. આથી કરી પોતાના કરેલા વિચારોને 'સૂંઠના ગાંગડે ગાંધીમાં ખપવાની માફક' પૂર્ણ માને છે અને છેવટનો માને છે. આથી કરી બીજાના વિચારો સમજવાની ધીરજ ખોઈ બેસે છે. અને છેવટે પોતાના આંશિક જ્ઞાનમાં સંપૂર્ણતાનો આરોપ કરે છે. આથી પરિણામ એ આવે છે કે આવા આરોપને લીધે એક જ વસ્તુ પરત્વે સાચા પણ જુદા જુદા વિચાર ધરાવનારાઓ પ્રત્યે અણગમો ઉત્પન્ન થાય છે અને તેથી કરીને તેના માટે પૂર્ણ અને સત્ય જ્ઞાનનું દ્વાર બંધ થઈ જાય છે અને આ માટે જ નયજ્ઞાનની આવશ્યકતા છે.

## નૈગમનય

પ્ર—નૈગમનય એટલે શું ?

ઉ—નિગમથી થએલ જ્ઞાન તે નૈગમ (નિગમ એટલે લોક પ્રસિદ્ધવાળાં શાસ્ત્રો). વળી એક નથી ગમ, અભિપ્રાય, આશય, બોધમાર્ગ જેને તે નૈગમ. અર્થાત્ ગુણનો એક અંશ ઉપજ્યો હોય તેને નૈગમ કહીએ. તેમ સંકલ્પ માત્રનો ગ્રાહક તે નૈગમ છે.

પ્ર—નૈગમ નયવડે શેનો બોધ થાય છે ?

ઉ—નૈગમ નયવડે ધર્મ (પર્યાય) અને ધર્મી (દ્રવ્ય) એ બેમાંથી એકનોજ પ્રાધાન્યનો બોધ થાય છે. (બન્નેનો નહિ )

પ્ર—આ નય કેટલા ધર્મને ગ્રહણ કરે છે.

ઉ—આ નય સામાન્ય અને વિશેષ ઉભય ધર્મને ભિન્ન-ભિન્નરૂપે ગ્રહણ કરે છે.

પ્ર—સામાન્ય ધર્મથી શું સમજવું ?

ઉ—સામાન્ય ધર્મથી વસ્તુઓમાં એકાકાર બુદ્ધિ થાય છે.

પ્ર—વિશેષ ધર્મથી શું સમજવું ?

ઉ—વિશેષ ધર્મથી સ્વ-પરનો ભેદ માલુમ પડે છે.

પ્ર—આ નયની શી પ્રવૃત્તિ છે ?

ઉ—આ નય વસ્તુના ધર્મના એક અંશને ગ્રહણ કરે છે. દાખલા તરીકે (૧) જેમ કોઈ દેવદત્ત મનુષ્ય સિદ્ધાચળ યાત્રા કરવા માટે ઘરમાંથી બહાર નિકલ્યો, લોકો તેને ગામની બહાર વળાવી આવ્યા. કોઇ મનુષ્યે પુછ્યું કે "દેવદત્ત ક્યાં ગયો ? ત્યારે એકે કહ્યું દેવદત્ત સિદ્ધાચળ ગયો. હજી દેવદત્ત ગામની બહાર છે પણ ગમનનો એક અંશ ગ્રહી સિદ્ધાચળ ગયો એમ કહેવું તે નૈગમનયની પ્રવૃત્તિ છે. (૨) વસ્તુના એક અંશમાત્રમાં વસ્તુનો આરોપ કરવો. દાખલા તરીકે-કોઈ મનુષ્યને રૂપીઓ લેવાનું મન થયું તેથી તે રૂપીઆ માટે માટી લેવા ગયો. માર્ગમાં કોઇએ પૃચ્છા કરી કે હે ભવ્ય ! તું ક્યાં જાય છે ! ત્યારે તેને ઉત્તર આપ્યો કે હું રૂપીઓ લેવા જાઉં છું. હજી રૂપીઓ તો મલ્યો નથી તો પણ માટીથી મળશે એમ માટી અર્થે ગમનના અભિપ્રાયમાં રૂપીઆનો આરોપ કર્યો (૩) વળી સર્વ જીવના આઠ રુચક પ્રદેશ નિર્મળ છે, સિદ્ધ સમાન છે તેથી સર્વ જીવોને સિદ્ધ કહેવા એ પણ આ નયની પ્રવૃત્તિ છે.

પ્ર—આ નયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—નૈગમનયના ત્રણ ભેદ છે, (૧) આરોપ, (૨) અંશ અને (૩) સંકલ્પ.

પ્ર—આરોપના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—આરોપના ચાર ભેદ છે (૧) દ્રવ્યારોપ (૨) ગુણારોપ (૩) કાળારોપ અને (૪) કારણાધારોપ.

પ્ર—દ્રવ્યારોપ કોને કહેવો ?

ઉ—કાળ દ્રવ્યરૂપ ભિન્ન વસ્તુ નથી. પંચાસ્તિકાયમાં સમયે સમયે ઉત્પાદ-વ્યયની વર્તનાને કાલ કહે છે. તે પંચદ્રવ્યમાં સમયે સમયે વર્તી રહ્યો છે. તેવી વર્તના કંઇ છઠું દ્રવ્ય નથી. તેમ છતાં તેવી વર્તનામાં દ્રવ્યનો આરોપ કરીને કાળદ્રવ્ય કહેવું તે દ્રવ્યારોપ જાણવો

પ્ર—ગુણારોપ એટલે શું ?

ઉ—જ્ઞાન, દર્શન ચારિત્ર ગુણ છે તે ગુણોનો આત્મ-દ્રવ્યમાં આરોપ કરવો. અર્થાત્ દ્રવ્યને ગુણ કહેવો, જેમ આત્મા એ જ જ્ઞાન, આત્મા એ જ દર્શન અને આત્મા એ જ ચારિત્ર છે ઈત્યાદિ દ્રવ્યમા ગુણારોપ જાણવો; વળી ચંચળતા મૂર્ખતા, નિંદા, અપકીર્તિને જીવમાં આરોપ કરી ચંચળ કહેવો, મૂર્ખ કહેવો, નિંદક કહેવો, બળવાન કહેવો-ઈત્યાદિ સર્વગુણારોપ જાણવો.

પ્ર—કાળારોપના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—કાળારોપના ત્રણ ભેદ છે તે ભૂતકાળારોપ, અનાગતકાળારોપ અને વર્તમાનકાળારોપ.

પ્ર—ભૂતકાળારોપ કોને કહેવો ?

ઉ—વર્તમાન કાળમાં ભૂતકાળનો આરોપ કરવો.દાખલા તરીકે ઋષભદેવનું નિર્વાણ થયાં ઘણો કાળ વ્યતીત થયો તેમ છતાં એમ કહેવું આજ મેરુતેરસના રોજ શ્રીઆદિનાથનું નિર્વાણ કલ્યાણક છે. તે વર્તમાનકાળમાં ભૂતકાળનો આરોપ જાણવો.

પ્ર—અનાગત કાળારોપ કોને કહેવો ?

ઉ—પદ્મનાભાદિ અનાગતકાળના તીર્થંકરોનો વર્તમાન કાળમાં આરોપ કરવો. જેમકે આજ પદ્મનાભનું જન્મ કલ્યાણક છે તે વર્તમાનકાળમાં અનાગત કાળારોપ જાણવો. આજ પ્રમાણે વર્તમાનનો આરોપ અતીત અનાગતમાં કરવો. દાખલા તરીકે કરવા માંડેલી વસ્તુ હજી થોડી થઈ છે, પૂર્ણ નથી થઈ, ત્યાં કહેવું કે વસ્તુ થઇ, એ વર્તમાનકાળારોપ જાણવો.

પ્ર—કારણાદ્યારોપ એટલે શું ?

ઉ—તીર્થંકર ભગવાનને **तारयाणं** (તારનારા) કહેવા તે કારણમાં કર્તાપણાનો આરોપ જાણવો. બીજું અજ્ઞાનભાવે ઔદયિક ભાવની બાહ્ય કષ્ટક્રિયામાં મુક્તિનું કારણ કલ્પવું એ બધું કારણાદ્યારોપ સમજવું.

પ્ર—અંશ નૈગમના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—તેના બે ભેદ છે. (૧) ભિન્નાંશ (૨) અભિન્નાંશ

પ્ર—ભિન્નાંશ એટલે શું ?

ઉ—ભિન્નાંશ તે સ્કંધાદિક જાણવો. (સ્કંધ, દેશ પ્રદેશ)

પ્ર—અભિન્નાંશ કોને કહેવો.

ઉ—અભિન્નાંશ તે આત્માના પ્રદેશ તથા ગુણનો અવિભાગ, તેમજ નિગોદિયા વગેરે જીવના આઠ રુચક પ્રદેશ નિર્મળ સિદ્ધ સમાન છે, તેથી સર્વ જીવોને સિદ્ધ કહેવા એ અંશ નૈગમ છે. વળી અયોગી કેવળી ચતુર્દશમા ગુણ સ્થાને વર્તે છે તે સિદ્ધથી અંશે ઓછા છે. સમભિરૂઢનયની અપેક્ષાએ તે સિદ્ધ છે. પણ મુકિત સ્થાન નથી પામ્યા એટલી ઓછાશ છે તેમને સંસારી કહેવા તે અંશ નૈગમનું લક્ષણ છે.

પ્ર—સંકલ્પ નૈગમ એટલે શું ?

ઉ—સંકલ્પ નૈગમના બે ભેદ છે. (૧) સ્વપરિણામરૂપ વીર્ય ચેતનનો જે નવો નવો ક્ષયોપશમ લેવો તે (૨) કાર્યાંતરે નવા નવા કાર્યોનો નવો નવો ઉપયોગ થાય તે.

## નૈગમાભાસ

પ્ર—નૈગમાભાસ કોને કહેવો ?

ઉ—વસ્તુમાં ધર્મ અનેક છે તે એકાંત માને પણ પરસ્પર સાપેક્ષપણે ના માને. એટલે વસ્તુના એક ધર્મને માને અને બીજા ધર્મને માને નહિ. તેને નૈગમાભાસ કહે છે; એ દુર્નય જાણવો કારણ કે તે અન્યનયની અપેક્ષા રાખે નહિ. જેમ આત્મામાં सत्त्व તથા चैतन्य એ બે ધર્મ ભિન્ન ભિન્ન છે. તેમાં ચૈતન્યપણું ન માને તેને નૈગમાભાસ કહે છે.

## નૈગમનયનું ઉત્પત્તિ સ્થાન

પ્ર—નૈગમનય શેમાંથી જન્મે છે ?

ઉ--તે લોકરૂઢિ અને લૌકિક સંસ્કારના અનુસરણુ-માંથી જન્મે છે.

## નૈગમનયની વિશાળતા

પ્ર--નૈગમનયનો વિષય સૌથી વધારે વિશાળ હોવાનું કારણ શું ?

ઉ--નૈગમનયનો વિષય સૌથી વધારે વિશાળ છે. કારણકે તે સામાન્ય વિશેષ બન્નેને ભિન્ન ભિન્ન લોકરૂઢિ પ્રમાણે કયારેક ગૌણુભાવે અને કયારેક મુખ્યભાવે અવલંબે છે. દાખલા તરીકે કોઈએ પૂછયું કે તમો કયાં જાઓ છો ? ત્યારે કહે મુંબાઇ જાઉં છું ત્યારે સામો ફરી પુછે છે કે મુંબઈમાં કયાં આગળ ? ત્યારે કહે-ઝવેરી બજારમાં. ત્યારે સામો ફરી પુછે કે ઝવેરી બજારમાં કઇ જગ્યાએ, ત્યારે કહે ઝવેરી બજારમાં અમુકના માળામાં—આમ સામાન્યનું વિશેષ અને વિશેષનું સામાન્ય માનનાર નૈગમનય છે તેથી તેનો વિષય વધારે વિશાળ છે.

## નૈગમનયનું સ્યાદ્વાદમંજરીમાં દૃષ્ટાંત

પ્ર—નૈગમનય સંબંધી સ્યાદ્વાદ મંજરીમાં શું દૃષ્ટાંત આપ્યું છે ?

ઉ—નૈગમનય સંબંધી સ્યાદ્વાદ મંજરીમાં તેના માટે નિલય અને પ્રસ્થ એ બે દૃષ્ટાંત આપેલાં છે. નિલયનો અર્થ નિવાસ સ્થાન થાય છે. અને પ્રસ્થનો અર્થ પાંચ સેર ધાન્ય ભરવાની પ્યાલી થાય છે; પ્રસ્થ સંબંધમાં જણાવવાનું કે કોઇએ પુછયું કે તમો કયાં જાઓ છો ? જો કે હજુ તો

લાકડું કાપવા માટે હાથમાં કુહાડો લેઈ જતો હોય છે તો એ કહે છે કે પ્રસ્થ લેવા જાઉં છું.

## નૈગમનય સમ્યગ્દષ્ટિ નથી

પ્ર— નૈગમનયના સંબંધમાં શિષ્ય ગુરુને પૂછે છે કે નૈગમનય જ્યારે વસ્તુને સામાન્ય વિશેષવાળી માને છે ત્યારે તે સમ્યગ્દષ્ટિ કેમ ન ગણાય ?

ઉ—ત્યારે ગુરુ ઉત્તર આપે છે કે 'ન ગણાય' કારણ કે તે દ્રવ્યને અને પર્યાયને બન્નેને સામાન્ય વિશેષ યુક્ત માને છે. પદાર્થ માત્ર સામાન્ય વિશેષ રૂપ જ છે પણ તે દ્રવ્યથી સામાન્ય છે અને પર્યાયથી વિશેષ છે. નૈગમનયના સામાન્ય વિશેષમાં અને પદાર્થના સામાન્ય વિશેષમાં આ પ્રમાણે ફેર છે.

## આ નયને આધારે થયેલ દર્શનો

પ્ર—આ નયને આધારે કયા દર્શનો થયેલ છે ?

ઉ—વૈશેષિક અને નૈયાયિક દર્શન આ નયને આધારે જ થયેલ છે. તે બન્ને દર્શનો વ્યવહારને ઉપયોગી પદાર્થોનું સારી રીતે પ્રતિપાદન કરે છે. તેમની માન્યતા પ્રમાણે નૈગમનયના આધારે તેઓ અન્ય નયના વિચારોને મિથ્યા માનતા હોવાથી તે બન્ને દર્શનો મિથ્યા છે.

## નૈગમનયનો તત્ત્વાનુબોધ

પ્ર—નૈગમનયનો તત્ત્વાનુબોધ શો છે ?

ઉ—(૧) એક અંશને સંપૂર્ણ વસ્તુ માને (૨) કારણ ને કાર્ય માને.

## સંગ્રહનય

પ્ર–સંગ્રહનય એટલે શું ?

ઉ–સામાન્ય વસ્તુ સત્તા જે નિત્યત્વાદિક ધર્મ સર્વ દ્રવ્યમાં વ્યાપક છે તે ગ્રહણ કરે તેને સંગ્રહનય કહે છે. અર્થાત્ સત્તારૂપ તત્ત્વને અખંડપણે ગ્રહણ કરનાર દૃષ્ટિ તે સંગ્રહનય છે. તે સામાન્યગ્રાહી છે. તેનો વ્યુત્પત્તિ અર્થ **સંગૃહ્ણાતિ इति संग्रहः** જે સંગ્રહ-એકત્રિત કરે છે તે સંગ્રહનય છે.

તે વિશેષ ધર્મનો સામાન્ય સત્તાએ સંગ્રહ કરે છે.

પ્ર–આ નયની કેવી માન્યતા છે?

ઉ–આ નય સત્તાગ્રાહી છે, એટલે માને છે કે સર્વ જીવો સત્તારૂપે સરખા છે. બીજમાં જેમ વૃક્ષની સત્તા છે તેમ તેની માન્યતા છે કે 'સત્' રૂપપણાનો ઉચ્ચાર કરવાથી તેમાં જગતના સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ થાય છે.

પ્ર–સંગ્રહનયની કોટિમાં કેવા વિચારો સમાય છે?

ઉ–જે વિચારો સામાન્ય તત્ત્વને લેઈને વિધવિધ વસ્તુઓનું એકીકરણ કરવા તરફ પ્રવર્તતા હોય તે બધાજ સંગ્રહ નયની કોટિમાં સમાય છે.

પ્ર–સામાન્ય ધર્મથી શું થાય છે?

ઉ–સામાન્ય ધર્મથી અનેક વ્યકિતઓમાં એક જાતિથી એકતા બુદ્ધિ થાય છે.

પ્ર–વળી સંગ્રહ નય કેવો છે?

ઉ–એક નામ લીધાથી સર્વગુણ પર્યાય પરિવાર સહિત

આવે જેથી તે સંગ્રહનય છે. જેમ કે 'દાતણ મંગાવ્યું' તેમાં પાણી લોટો વિગેરે બધું સાથે આવ્યું તે સંગ્રહનય છે.

પ્ર–સંગ્રહનયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ–તેના બે ભેદ છે. (૧) સામાન્ય સંગ્રહ (૨) વિશેષ સંગ્રહ.

પ્ર–સામાન્ય સંગ્રહના કેટલા ભેદ છે ?

ઉ–તેના બે ભેદ છે (૧) મૂલ સામાન્ય સંગ્રહ (૨) ઉત્તર સામાન્ય સંગ્રહ.

પ્ર—મૂળ સામાન્ય સંગ્રહના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—તેના છ ભેદ છે (૧) અસ્તિત્વ (૨) વસ્તુત્વ (૩) દ્રવ્યત્વ (૪) પ્રમેયત્વ (૫) સત્ત્વ (૬) અગુરુલઘુત્વ.

પ્ર—તે દરેક ભેદ વિગતવાર સમજાવો ?

ઉ—**અસ્તિત્વઃ**–સર્વ દ્રવ્ય પોતપોતાના ગુણ પર્યાય તથા પ્રદેશે કરી અસ્તિ છે તે અસ્તિત્વ છે.

**વસ્તુત્વઃ**-ષડ્દ્રવ્યમાં વસ્તુપણું સામાન્ય રીતે વ્યાપી રહ્યું છે. ષડ્દ્રવ્ય (છ દ્રવ્ય) પોતાની સત્તા ગ્રાહીને રહ્યા છે; દાખલા તરીકે એક દુકાનમાં પાંચ નોકર રહેતા હોય તે જેમ વ્યકિતરૂપે જુદા છે—વ્યકિત સત્તારૂપે જુદા છે. તે એક થઈ જાય નહિ. ભિન્ન વ્યકિત રહે. તેમ વસ્તુપણે દરેક દ્રવ્ય જુદા છે. સર્વની સત્તા જુદી જુદી છે.

**દ્રવ્યત્વઃ**–સર્વ દ્રવ્યમાં દ્રવ્યપણું હોવાથી પોતપોતાની ક્રિયા કરે તે દ્રવ્યત્વ છે. દાખલા તરીકે ધર્માસ્તિકાયમાં ચલણ

સહાય ગુણ સર્વ પ્રદેશમાં છે. તે સદા જીવપુદ્ગલને ચલાવવા રૂપ ક્રિયા કરે છે. અધર્માસ્તિકાય સ્થિર રાખવાની ક્રિયા કરે છે; તેવી રીતે બધા દ્રવ્યોનું સમજવું.

**પ્રમેયત્વ:–प्रमाविषयीभूतः प्रमेयः** પ્રમા એટલે જ્ઞાનમાં જ ભાસે તેને પ્રમેય કહે છે. છ દ્રવ્ય જ્ઞાનમાં ભાસે છે માટે તે પ્રમેય છે. સર્વ પદાર્થોમાં પ્રમેયત્વરૂપ સાધારણ ધર્મ રહ્યો છે. તેનું પ્રમાણ જ્ઞાનગુણથી આત્મા કરે છે.

**સત્ત્વ**––(સત્પણું) સત્ રૂપ સાધારણ ધર્મ છે તે ષડ્ દ્રવ્યોમાં વ્યાપીને રહ્યો છે.

**અગુરુલઘુત્વ**—અગુરુલઘુ સ્વભાવને આવરણ નથી. તથા આત્મામાં જે અગુરુ લઘુ ગુણ છે તે આત્માના અસંખ્યાત પ્રદેશે ક્ષાયિકભાવ થએ છતે સર્વ ગુણોમાં સામાન્યપણે પરિણમે છે પણ અધિક ન્યૂન પરિણમતો નથી. તે અગુરુ લઘુનું પ્રવર્તન જાણવું.

પ્ર—ઉત્તર સામાન્યના કેટલા ભેદ છે અને કયા કયા?

ઉ—તેના બે ભેદ છે (૧) જાતિ સામાન્ય (૨) સમુદાય સામાન્ય.

પ્ર—જાતિ સામાન્ય કોને કહે ?

ઉ—ગાયમાં ગોત્વરૂપ જાતિ, ઘટમાં ઘટત્વ, અને વૃક્ષોમાં વૃક્ષત્વ અને મનુષ્યોમાં મનુષ્યત્વ એ સામાન્ય ધર્મને જાતિ સામાન્ય માનવું.

પ્ર—સમુદાય સામાન્ય કોને કહેવું ?

ઉ—આંબાના સમૂહને આમ્રવન કહેવું, તથા મનુષ્યના સમૂહને મનુષ્યવૃંદ કહેવું એ સમુદાય સામાન્ય છે.

પ્ર—ઉત્તર સામાન્ય એટલે શું ?

ઉ—જે ચક્ષુ દર્શન અને અચક્ષુ દર્શનથી ગ્રહાય છે તેને ઉત્તર સામાન્ય કહેવું.

પ્ર—મૂળ સામાન્ય કોને કહેવું ?

ઉ—જે અવધિ દર્શન અને કેવળ દર્શનથી ગ્રહાય છે તેને ઉત્તર મૂલ સામાન્ય કહેવું.

પ્ર—સંગ્રહ નયના વિશેષાવશ્યકમાં કેટલા ભેદ કહ્યા છે ?

ઉ—વિશેષાવશ્યકમાં સંગ્રહનયના ચાર ભેદ કહ્યા છે. (૧) સંગૃહીત સંગ્રહ, (૨) પિંડિત સંગ્રહ, (૩) અનુગમ સંગ્રહ અને (૪) વ્યતિરેક સંગ્રહ.

પ્ર–સંગૃહીત સંગ્રહ કોને કહેવો ?

ઉ–સામાન્યપણે વહેંચણ વિના એવો ઉપયોગ અથવા એવું વચન, અથવા એવો ધર્મ કોઈ પણ વસ્તુમાં હોય તેને ગ્રહે તે સંગૃહીત સંગ્રહ છે. અર્થાત્ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરેલ, તે સંગૃહીતસંગ્રહ છે. આ સંગ્રહ સામાન્ય તે પર સામાન્ય સમજવું જેમકે 'દ્રવ્યત્વ'

પ્ર–પિંડિત સંગ્રહ કોને કહે ?

ઉ–જેમકે **एगे आया एगे पुग्गले** ઈત્યાદિ અનંતી વસ્તુ પણ એક જાતિથી ગ્રહણ થાય છે. ઘટત્વ જાતિથી અતીતકાલ, અનાગત કાળ અને વર્તમાનકાળના સર્વ ઘટોનું

ગ્રહણ થાય છે અર્થાત્ એક પિંડ (સમૂહ, જાતિ) રૂપ થએલો અર્થ વિષય (પદાર્થ, દ્રવ્ય) આ પિંડિત સામાન્ય તે અપર સામાન્ય સમજવું જેમકે જીવત્ત્વ અર્થોનું સર્વ દેશે સંગ્રહ કરવું તે અથવા એક દેશે સંગ્રહ કરવું તે સંગ્રહ નય છે.

પ્ર—અનુગમ સંગ્રહ કોને કહેવો ?

ઉ—અનેક જીવરૂપ અનેક વ્યકિતમાં જે અનુગમ ધર્મ વર્તે છે તેને અનુગમ સંગ્રહ કહે છે જેમ આત્મા—સત્-પણું જીવમાં સરખું છે.

પ્ર—વ્યતિરેક સંગ્રહ કોને કહેવો ?

ઉ—જેના ના કહેવાથી ઈતર સર્વનો જ્ઞાનથી સંગ્રહ થાય. અજીવ છે એમ કહેતાં જીવ નથી તે અજીવ કહેવાય.

અર્થાત કોઈક જીવ છે એમ ઠર્યું તથા ઉપયોગે જીવનું ગ્રહણ થાય છે માટે તેને વ્યતિરેક સંગ્રહ કહે છે.

પ્ર—વળી સંગ્રહ નયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—તેના બે ભેદ છે (૧) પરસંગ્રહ અને (૨) અપર સંગહ.

પ્ર—પરસંગ્રહ કોને કહે ?

ઉ—સંપૂર્ણ વિશેષોમાં ઉદાસીનતા ભજતો સત્તા માત્ર શુદ્ધ દ્રવ્યને જે માને તે પરસંગ્રહ છે; જેમકે વિશ્વ એક છે; અભેદપણે સત હોવાથી આ મહાસામાન્ય પણ કહે-

વાય છે; મહાસામાન્ય એક જ છે અને જે 'સત્ત્વ' (વસ્તુનું હોવાપણું) તે છે.

પ્ર—અપર સંગ્રહ એટલે શું ?

ઉ—દ્રવ્યત્વ, કર્મત્વ, ગુણત્વ, પર્યાયત્વ આદિ અવાન્તર સામાન્યને માને અને તેના ભેદમાં ઉદાસીનતાનું આલંબન કરે છે તે અપર સંગ્રહ છે; જેમકે ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવનું દ્રવ્યપણાની અભેદતાને લઈને ઐક્ય માનવું તે. અહીંઆં (જીવાદિ પ્રત્યેક દ્રવ્યમાં) દ્રવ્યત્વ સામાન્ય હોવાથી અભેદપણે છએનું ઐક્યગ્રહણ થાય છે અને ધર્મ, ગુણ, સ્વભાવ આદિ જે વિશેષ ભેદ તેમાં નિમીલિકાની જેમ ઉપેક્ષા થાય છે અર્થાત્ આંખ મિચામણાં થાય છે.

## આ નયના પ્રતિક રૂપ દર્શનો

પ્ર—આ નયના પ્રતિક રૂપ કયા દર્શનો છે?

ઉ—સાંખ્ય દર્શન અને અદ્વૈત ( વેદાંત ) દર્શન આ નયના પ્રતિકરૂપ છે.

સાંખ્ય દર્શન પંચભૂત, પાંચ તન્માત્રા વિગેરે સોળ પદાર્થો અહંકારમાં આવી જાય છે એમ માને છે અને અહંકાર બુદ્ધિમાં સમાય છે બુદ્ધિ પ્રકૃતિમાં સમી જાય છે એમ માને છે; એ પ્રમાણે સંપૂર્ણ વિશ્વને તે પ્રકૃતિ અને આત્મામાં સંગ્રહીત કરી લે છે; અદ્વૈત (વેદાંત દર્શન) દર્શન જગતના સર્વ પદાર્થોને બ્રહ્મરૂપ માની ब्रह्म सत्यं जगन्मिथ्या (બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે) એમ માને છે એ સર્વ સંગ્રહનયને અવલંબી છે.

## સંગ્રહ નયનો તત્ત્વાનુબોધ

પ્ર—સંગ્રહ નયનો તત્ત્વાનુબોધ શો છે ?

ઉ—સંગ્રહનય-સર્વને એક કહે.

## વ્યવહારનય

પ્ર—વ્યવહારનય કોને કહે છે ?

ઉ—સંગ્રહ નયે ગ્રહણ કરેલી વસ્તુને ભેદાંતરે વહેંચે તેને વ્યવહાર નય કહે છે. વ્યવહાર નયનો વ્યુત્પત્તિ અર્થ:— **वि-विशेषण, अवहरति प्ररूपयति पदार्थान् इति व्यवहारः** વિશેષે કરીને જે પદાર્થોનું નિરૂપણ કરે છે તે વ્યવહાર નય છે અર્થાત્ સામાન્યનું નિરાકરણ—અવહરણ કરનાર તે વ્યવહારનય છે. વળી વ્યવહાર એટલે બહુ ઉપચારવાળો, વિસ્તૃત અર્થવાળો એવો, જે લૌકિક બોધ અર્થાત્ લોક જે ગ્રહે તેજ વસ્તુ એમ માનનાર.

આ નય જ્ઞાન ધ્યાનના પરિણામ વિના બાહ્ય ક્રિયા ગ્રાહી—ભેદગ્રાહી તે વ્યવહાર નય છે.

વળી વિવિધ વસ્તુઓને એક રૂપે સાંકળી લીધા પછી તેના ભેદ કરી પૃથક્કરણ કરવું તેને વ્યવહાર નય કહે છે;દાખલા તરીકે કાપડ કહેવાથી કંઈ જુદી જુદી જાતના કાપડની સમજ પડતી નથી અને તેનું નામ દીધા વિના અમુક કાપડની જાત મળી પણ શકતી નથી. વળી બીજા દૃષ્ટાંત પ્રમાણે જોઈએ તો તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં સતરૂપ વસ્તુ ચેતન અને જડ બે છે. ચેતન પણ સંસારી અને મુક્તિનું—એમ બે પ્રકારે છે આમ તેના ઘણા પ્રકારો થઈ શકે તે બધા વ્યવહાર નયની કોટિમાં મુકાય છે.

પ્ર—વ્યવહાર નયનું પ્રયોજન શું ?

ઉ—વ્યવહારનયનું પ્રયોજન એ કે કંઈ સામાન્ય સંગ્રહથી વ્યવહાર ચાલી શકતો નથી. કોઇએ કહ્યું દ્રવ્ય લાવ; એમ કહેવાથી એવી આકાંક્ષા થાય છે કે કયું દ્રવ્ય ? જીવ કે અજીવ ? સંસારી કે મુક્ત? આથી સિદ્ધ થાય છે કે વ્યવહાર નય વિના એકલા સંગ્રહથી કંઈ જગતનો વ્યવહાર ચાલી શકતો નથી માટે વ્યવહારનયનું પ્રયોજન છે.

પ્ર—પદાર્થોમાં કેટલા ધર્મ રહેલા છે અને તે કયા કયા ?

ઉ—પદાર્થોમાં બે ધર્મ રહેલા છે (૧) સામાન્ય અને (૨) વિશેષ.

પ્ર—સામાન્ય ધર્મ એટલે શું ?

ઉ—સામાન્ય ધર્મવડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય છે.

પ્ર—વિશેષ ધર્મ એટલે શું ?

ઉ—વિશેષ ધર્મવડે મનુષ્યો પોતપોતાનો લીલો, પીળો ઇત્યાદિ રંગથી કે કોઈ એવા ભેદથી પોતાનો ઘડો ઓળખે છે.

પ્ર—સંગ્રહ નયે ગ્રહણ કરેલ વસ્તુને આ નય કેવી રીતે વહેંચે છે ?

ઉ—દાખલા તરીકે દ્રવ્યના બે ભેદ છે, (૧) જીવ દ્રવ્ય અને (૨) અજીવ દ્રવ્ય. તેમાં જીવ દ્રવ્યના બે ભેદો. (૧) સ્થાવર અને (૨) ત્રસ–આમ ભેદાભેદ પાડવા તે.

પ્ર—વ્યવહારનો અર્થ શો ?

ઉ—વ્યવહાર એટલે પ્રવર્તન.

પ્ર—વ્યવહાર નયના કેટલા ભેદ છે અને તે કયા કયા !

ઉ—તેના બે ભેદ છે (૧) શુદ્ધ વ્યવહાર અને (૨) અશુદ્ધ વ્યવહાર

પ્ર—શુદ્ધ વ્યવહાર નય કોને કહે ?

ઉ—સર્વ દ્રવ્યની સ્વસ્વરૂપ શુદ્ધ પ્રવૃત્તિ જેમ કે ધર્માસ્તિકાયની ચલણ સહાયતા.

પ્ર—અશુદ્ધ વ્યવહાર નયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—અશુદ્ધ વ્યવહાર નયના બે ભેદ છે (૧) સદ્દ્ભૂત અને (૨) અસદ્દ્ભૂત.

પ્ર—સદ્દ્ભૂત વ્યવહાર નય એટલે શું ?

ઉ—જ્ઞાનાદિક ગુણ જે અભેદપણે રહ્યા છે તે પરસ્પર ભેદથી કહેવા તે સદ્દ્ભૂત વ્યવહારનય છે. દાખલા તરીકે ક્રોધી હું, માની હું, દેવતા હું, મનુષ્ય હું, ઈત્યાદિ.

પ્ર—અસદ્દ્ભૂત વ્યવહાર નય એટલે શું ?

ઉ—યથાર્થ જ્ઞાન વિના ભેદજ્ઞાન શૂન્ય જીવ એક કરી માને તેને અસદ્દ્ભૂત વ્યવહાર કહેવો અથવા એક દ્રવ્યના (અન્યત્ર પ્રસિદ્ધ) ધર્મનું [અન્યત્ર] બીજા દ્રવ્યમાં આરોપણ કરવું તે.

પ્ર—અસદ્દ્ભૂત વ્યવહાર નયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—તેના બે ભેદ છે (૧) સંશ્લેષિત અશુદ્ધ વ્યવહારનય અને (૨) અસંશ્લેષિત અશુદ્ધ વ્યવહાર નય.

પ્ર—સંશ્લેષિત અશુદ્ધ વ્યવહાર નય એટલે શું?

ઉ—સંશ્લેષિત અશુદ્ધ વ્યવહાર નય એટલે શરીર મારું, હું શરીરી.

પ્ર—અસંશ્લેષિત અશુદ્ધ વ્યવહાર નય એટલે શું?

ઉ—આ પુત્ર, પુત્રી, સ્ત્રી મારાં અને ધનાદિક મારાં વિગેરે માનવું.

પ્ર—વિશેષાવશ્યક મહાભાષ્યમાં વ્યવહાર નયના કેટલા ભેદ કહ્યા છે અને તે કયા કયા?

ઉ—તેમાં વ્યવહાર નયના બે ભેદ કહ્યા છે (૧) વહેંચણ રૂપ વ્યવહાર અને (૨) પ્રવૃત્તિરૂપ વ્યવહાર.

પ્ર—પ્રવૃત્તિરૂપ વ્યવહાર નયના કેટલા ભેદ છે અને તે કયા કયા?

ઉ—તેના ત્રણ ભેદ છે. (૧) વસ્તુપ્રવૃત્તિ, (૨) સાધન પ્રવૃત્તિ અને (૩) લૌકિક પ્રવૃત્તિ.

પ્ર—ભેદાંતરે વ્યવહાર નયના કેટલા ભેદ કહ્યા છે અને તે કયા કયા?

ઉ—ભેદાંતરે તેના છ ભેદ છે. (૧) શુદ્ધ વ્યવહાર, (૨) અશુદ્ધ વ્યવહાર, (૩) શુભ વ્યવહાર, (૪) અશુભ વ્યવહાર, (૫) ઉપચરિત વ્યવહાર અને (૬) અનુપચરિત વ્યવહાર.

પ્ર—તે છ ભેદ વિગતવાર સમજાવો.

**શુદ્ધ વ્યવહાર:** ઉપરના ગુણ સ્થાનકનું ગ્રહણ કરવું અને પાછળના ગુણ સ્થાનકનું છોડવું અથવા રત્નત્રયી આત્માથી ભિન્ન નથી તો પણ સમજાવવા ભેદ કરવો—તે શુદ્ધ વ્યવહાર છે.

**અશુદ્ધ વ્યવહાર:** જીવમાં અજ્ઞાન, રાગદ્વેષ રૂપ અશુદ્ધપણું છે; તે અશુદ્ધ વ્યવહાર; જીવ અને પુદ્ગલના સંબંધે અશુદ્ધ વ્યવહાર છે. એ બે દ્રવ્ય વિના બાકીના દ્રવ્યમાં અશુદ્ધ વ્યવહાર નથી.

**શુભ વ્યવહાર:** પુણ્ય ક્રિયા પ્રવૃત્તિ તે શુભ વ્યવહાર છે.

**અશુભ વ્યવહાર:** પાપની ક્રિયા તે અશુભ વ્યવહાર છે.

**ઉપચરિત વ્યવહાર:** પુત્ર, પુત્રી, સ્ત્રી, માતા, પિતાદિક કુટુંબ તથા ધન, ઘર વિગરે આત્માથી ભિન્ન છે પણ અજ્ઞાનથી પોતાનું કરી જાણ્યું છે તે ઉપચરિત વ્યવહાર છે.

**અનુપચરિત વ્યવહાર:** શરીરાદિ પુદ્ગલ વસ્તુ યદ્યપિ જીવથી જુદી છે તો પણ પારિણામિકભાવે લોલીપણે એકઠી મળી રહી છે; તેને જીવ અજ્ઞાન યોગથી પોતાની માને છે તેને અનુપચરિત વ્યવહાર કહે છે.

પ્ર-વળી વ્યવહાર નયના બીજા કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ-તેના બે ભેદ છે (૧) સદ્ભૂત વ્યવહાર અને (૨) અસદ્ભૂત વ્યવહાર.

પ્ર—સદ્ભૂત વ્યવહારના કેટલા ભેદ છે? અને તે કયા ?

ઉ-સદ્ભૂત વ્યવહારનો એક ભેદ છે તે શુદ્ધ સદ્ભૂત

વ્યવહાર-દાખલા તરીકે આત્માનું કેવળ જ્ઞાન અને કેવળ જ્ઞાન ક્ષાયિક ભાવે છે જેથી તેમાં કોઈ જાતની અશુદ્ધતા નથી.

પ્ર—અસદ્ભૂત વ્યવહાર નય એટલે શું ?

ઉ—મતિજ્ઞાન, શ્રતજ્ઞાનાદિક આત્મદ્રવ્યનાં ગુણ છે પણ તે ક્ષયોપશમભાવે છે. માટે તે અશુદ્ધ છે.

પ્ર—અસદ્ભૂત વ્યવહાર નયના કેટલા ભેદ છે અને તે કયા કયા ?

ઉ—તેના નવ ભેદ છે (૧) દ્રવ્યે દ્રવ્યોપચાર, (૨) ગુણે ગુણોપચાર, (૩) પર્યાયે પર્યાયોપચાર,(૪) દ્રવ્યે ગુણોપચાર,(૫) દ્રવ્યે પર્યાયોપચાર, (૬)ગુણે દ્રવ્યોપચાર, (૭)પર્યાયે દ્રવ્યોપચાર અને (૮) ગુણે પર્યાયોપચાર, (૯) પર્યાયે ગુણોપચાર.

પ્ર--ઉપર્યુક્ત નવ ભેદ વિગતવાર સમજાવો.

ઉ--**દ્રવ્યે દ્રવ્યોપચાર**; જિનાગમમાં ક્ષીરનીર ન્યાયે જીવપુદ્ગલ સાથે મલ્યાં છે માટે જીવદ્રવ્યમાં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર જાણવો.

**ગુણે ગુણોપચાર**:–ભાવ લેશ્યા આત્માનો અરૂપીગુણ છે. તેને કૃષ્ણ, નીલ કાપોતાદિ લેશ્યા કહીએ છીએ. પુદ્ગલ-દ્રવ્યના કૃષ્ણાદિ ગુણોનો ઉપચાર આત્મગુણમાં કરીએ છીએ તે ગુણે ગુણોપચાર જાણવો.

**પર્યાયે પર્યાયોપચાર**:–અશ્વ, હાથી, પ્રમુખ આત્મ-દ્રવ્યનો અસમાન જાતીય પુદ્ગલ દ્રવ્ય પર્યાયનો આત્મદ્રવ્ય-પર્યાય ઉપચાર કરીએ છીએ તે પર્યાયે પર્યાયોપચાર જાણવો.

**દ્રવ્યે ગુણોપચાર**:–હું ગૌર વર્ણ છું એમ કહેતાં હું

એટલે આત્મ-દ્રવ્ય અને ગૌર વર્ણ એ પુદ્ગલનો ગુણ છે તેનો ઉપચાર થયો માટે તેને દ્રવ્યે ગુણોપચાર જાણવો.

દ્રવ્યે **પર્યાયોપચારઃ**—જેમ હું દેહ છું. તેમાં હું એ આત્મ-દ્રવ્ય અને દેહ છે તે પુદ્ગલ સ્કંધપર્યાય છે માટે આત્મ-દ્રવ્યમાં દેહરૂપ પર્યાયનો ઉપચાર કર્યો જાણવો.

**ગુણે દ્રવ્યોપચારઃ**—ગુણમાં દ્રવ્યનો ઉપચાર જેમ તે ગોરો દેખાય છે. ગૌરપણું પુદ્ગલ ગુણ છે તેમાં તે એટલે આત્મ દ્રવ્ય તેનો ઉપચાર જાણવો.

**પર્યાયે દ્રવ્યોપચારઃ**—પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર જેમ દેહ છે તે આત્મા છે; અત્ર દેહરૂપ પુદ્ગલ પર્યાયમાં આત્મ દ્રવ્યનો ઉપચાર કર્યો.

**ગુણે પર્યાયોપચારઃ**—ગુણમાં પર્યાયનો ઉપચાર જેમ મતિજ્ઞાન છે તે શરીર જન્ય છે માટે તેને શરીર જ કહેવું એમ મતિજ્ઞાનરૂપ આત્મ-ગુણમાં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર જાણવો.

**પર્યાયે ગુણોપચારઃ**—પર્યાયમાં ગુણનો ઉપચાર તે પૂર્વ પ્રયોગને વિપરીત કરવાથી થાય છે. જેમ શરીર તેજ મતિજ્ઞાન છે. અત્રે શરીરરૂપ પર્યાયમાં મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર કરવો તે.

પ્ર—વળી વ્યવહારનય કેવો છે?

ઉઃ—સત્ત્વાદિ (દ્રવ્યત્વાદિ) જે સંગ્રહે ગ્રહેલ પિંડિતાર્થ તેનું વિધિપૂર્વક જે વિવેચન કરે, તેની વિધિપૂર્વક જે વહેંચણ કરે તે વ્યવહાર નય કહેવાય છે. દાખલા

તરીકે જે સત્ છે, તે દ્રવ્ય છે. અથવા પર્યાય છે. આમાં 'સત્' એ પર સંગ્રહે ગ્રહણ કરેલ પિંડિતાર્થ છે તેની વિધિપૂર્વક વ્હેંચણી કરતાં દ્રવ્ય, પ્રમેય, ગુણ, પર્યાય, સ્વભાવ ઈત્યાદિ 'સત્'ની વહેંચણી કરતાં થાય છે.

## ત્રણે નયોનું ક્ષેત્ર ઉત્તરોત્તર સૂક્ષ્મ છે.

પ્રઃ—ઉપર્યુક્ત ત્રણે નયોનું ક્ષેત્ર ઉત્તરોત્તર સૂક્ષ્મ કેવી રીતે છે તે સમજાવો.

ઉઃ—ઉપર્યુક્ત ત્રણે નયમાં નૈગમનયનું ક્ષેત્ર સૌથી વિશાળ છે. કારણ કે તે સામાન્ય વિશેષ બન્નેને લોકરૂઢિ પ્રમાણે ક્યારેક ગૌણભાવે તો ક્યારેક મુખ્ય ભાવે અવલંબે છે. સંગ્રહનો વિષય નૈગમથી ઓછો છે. કારણ કે તે માત્ર સામાન્યલક્ષી છે અને વ્યવહારનો વિષય સંગ્રહથી પણ ઓછો છે કેમકે તે સંગ્રહ નયે સંકલિત કરેલા વિષય ઉપર જ અમુક વિશેષતાઓને આધારે પૃથક્કરણ કરતો હોવાથી માત્ર વિશેષગામી છે. આ રીતે ત્રણેનું વિષય ક્ષેત્ર ઉત્તરોત્તર ટુંકાતું જતું હોવાથી તેમનો અંદર અંદર પૂર્વાપર સબંધ છે.

સામાન્ય વિશેષ એ ઉભયના સંબંધનું ભાન નૈગમ નય કરાવે છે અને એમાંથીજ સંગ્રહ નય જન્મ લે છે અને સંગ્રહ નયની ભીંત ઉપર વ્યવહારનું ચિત્ર દોરાય છે.

## વ્યવહારનય ઉપરથી તત્ત્વાનુબોધ

પ્રઃ—વ્યવહાર નય ઉપરથી તત્ત્વાનુબોધ શો મળે છે?

ઉઃ—સંગ્રહ નયે સર્વને એક કહેલ તેની વહેંચણ કરે છે તે.

## ઋજુસૂત્ર નય

પ્ર.—ઋજુસૂત્ર નય એટલે શું ?

ઉ--જે દૃષ્ટિ તત્ત્વને ફક્ત વર્તમાનકાળ પુરતું જ સ્વીકારે છે અને ભૂત ભવિષ્ય કાળને કાર્યનો બાધક માની તેનો સ્વીકાર કરતી નથી તે ક્ષણિકદૃષ્ટિ ઋજુસૂત્ર નય કહેવાય છે. ઋજુસૂત્ર નયની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે, ઋજુ-સરલ+સૂત્ર -બોધ=સરલ બોધ થાય છે તે; સરલ એવો જે વર્તમાન તેને --ઋજુસૂત્ર નય માને છે. આ નય અતીત અને અનાગત કાળની અપેક્ષા કરતો નથી. પરંતુ વર્તમાન કાલમાં વસ્તુમાં જે પર્યાય હોય તેનો સ્વીકાર કરે છે; દાખલા તરીકે એક પરમાણુ પૂર્વે કાળુ હતું હમણા લાલ છે-ભવિષ્યમાં પીળું થશે. આ ઉદાહરણમાં બે કાલ (ભૂત અને ભવિષ્યનો) ત્યાગ કરીને તે પરમાણુને વર્તમાનમાં લાલ દેખીને લાલ કહેવું એ આ નયનું લક્ષણ છે.

પ્ર--આથી આનું શું તાત્પર્ય સમજવું ?

ઉ--આથી વસ્તુ જેવા ગુણે વર્તમાન કાળે પરિણમે -વર્તે તે પ્રમાણે તે વસ્તુને કહે છે. જેમ કોઈ જીવ ગૃહસ્થ છે પણ અંતરંગ મુનિ પરિણામે વર્તે છે તેથી મુનિ કહેવાય છે અને જે મુનિમાં ગૃહસ્થના ગુણ પ્રવર્ત્તતા હોય તે ગૃહસ્થ કહેવાય. અર્થાત્ જે જેવો હોય તેવો બોલાવે તે ઋજુ-સૂત્ર નયનો ઉદ્દેશ છે. કાલકૃત ભેદને અવલંબી વસ્તુવિભાગથી શરૂ થતાં ઋજુસૂત્ર નય માનવામાં આવે છે.

પ્ર--આ નય કેટલા નિક્ષેપા માને છે ?

ઉ--આ નય નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપાને માનતો નથી માત્ર ભાવ નિક્ષેપાને માને છે. કારણ કે તે પરિણામગ્રાહી છે. એટલે વ્યકિત જેવા ગુણે વર્તમાન કાળે પરિણમે-વર્તે તે પ્રમાણે તે વસ્તુને કહે છે.

પ્ર--ઋજુસૂત્ર નય અને શબ્દ નયમાં ફેર શો ?

ઉ--જ્ઞાનના કારણપણે વર્તે તે ઋજુસૂત્ર નય છે અને જે જાણપણારૂપ કાર્યપણે થાય તે શબ્દ નય કહીએ.

પ્ર--ઋજુસૂત્ર નય ભૂત ભવિષ્યને શૂન્યવત્ માને છે તેનું કારણ શું ?

ઉ--વર્તમાન સમૃદ્ધિ સુખનું સાધન થતી હોવાથી તેને સમૃદ્ધિ કહી શકાય પણ ભૂત સમૃદ્ધિ સ્મરણ કે ભાવિ સમૃદ્ધિની કલ્પના એ વર્તમાનમાં સુખ સગવડ પુરાં પાડતાં ન હોવાથી એને સમૃદ્ધિ કહી શકાય નહિ; એજ રીતે જે છોકરો હયાત હોઈ માતા પિતાની સેવા કરે તે પુત્ર છે પરંતુ જે છોકરો ભૂત કે ભાવિ હોઈ આજે નથી તે પુત્ર જ નથી. આ જાતના માત્ર વર્તમાન પુરતા વિચારો ઋજુસૂત્ર નયની કોટિમાં મુકવામાં આવે છે.

પ્ર--મનુષ્ય બુદ્ધિ તાત્કાલિક કયા પરિણામ તરફ ઢળે છે ?

ઉ--જો કે માનવીની કલ્પના ભૂત અને ભવિષ્યને છોડી નથી ચાલી શકતી છતાં ઘણીવાર મનુષ્યબુદ્ધિ તાત્કાલિક પરિણામ તરફ ઢળી માત્ર વર્તમાન તરફ વલણ પકડે છે. આવી સ્થિતિમાં આમ માનવા પ્રેરાય છે કે જે ઉપસ્થિત

છે તે જ સત્ય છે તે જ કાર્યકારી છે, અને ભૂત કે ભાવિ વસ્તુ અત્યારે કાર્ય સાધક ન હોવાથી શૂન્યવત્ છે.

પ્ર—ઋજુસૂત્ર નયના કેટલા ભેદ છે તે વિગતથી સમજાવો.

ઉ—ઋજુસૂત્ર નયના બે ભેદ છે (૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર નય અને (૨) સ્થૂલ ઋજુસૂત્ર નય.

ઉ—સૂક્ષ્મ ઋજુસૂત્ર નય એટલે જીવ ભૂતકાળે અજ્ઞાન હતો અને ભવિષ્ય કાળે અજ્ઞાની થશે પણ વર્તમાન કાળે જ્ઞાની છે તેથી તેને જ્ઞાની કહે છે તેની માન્યતા છે કે સદાકાળ સર્વ વસ્તુમાં એક વર્તમાન સમય વર્તે છે. બીજી રીતે પર્યાય જે એક સમય જ રહે છે તેને સૂક્ષ્મ ઋજુસૂત્ર નય કહે છે.

પ્ર—સ્થૂલ ઋજુસૂત્ર નય કોને કહે ?

ઉ—બાહ્ય મોટા પરિણામને ગ્રહે તેને સ્થૂલ ઋજુસૂત્ર નય કહે છે. એક પરમાણુ ભૂતકાળે કૃષ્ણ હતું, વર્તમાન કાળે લાલ છે અને ભવિષ્ય કાળે પીત થશે તેમાં બે કાળનો ત્યાગ કરીને પરમાણુને વર્તમાન કાળમાં લાલ દેખી લાલ કહેવું એ આ નયનું લક્ષણ છે. અતીત અનાગત કાળ તે ઋજુસૂત્ર નયની અપેક્ષાએ અછતો છે, કારણ કે અતીત પણે વિણશી ગયો છે અને અનાગત કાલ આવ્યો નથી માટે અતીત અનાગત બે અવસ્તુ છે. અને જે વર્તમાન પર્યાયે વર્તે છે તે ઋજુસૂત્ર નયની અપેક્ષાએ વસ્તુપણે છે. બીજી રીતે મનુષ્યાદિ પર્યાય તેના આયુપ્રમાણકાલપર્યંત ટકે છે તે સ્થૂલ ઋજુસૂત્ર નય છે.

## ઋજુસૂત્ર નય ઉપર તત્ત્વાનુબોધ

પ્ર—ઋજુસૂત્ર નયનો તત્ત્વાનુબોધ શો છે ?

ઉ—તે વર્તમાન ઉપયોગ ગ્રહે છે.

પ્ર—ઋજુસૂત્રાભાસ કોને કહેવો ?

ઉ—બૌદ્ધમત ક્ષણ વિનાશી પર્યાયને જ પ્રધાનપણે પ્રરૂપે છે તે પર્યાયના આધારભૂત દ્રવ્યને માનતા નથી. માટે તેનો મત ઋજુસૂત્રાભાસ જાણવો.

## શબ્દ નય

પ્ર—શબ્દ નય એટલે શું ?

ઉ—જે વિચાર શબ્દ પ્રધાન બની કેટલાક શાબ્દિક ધર્મો તરફ ઢલી તે પ્રમાણે અર્થભેદ કલ્પે તે શબ્દ નય છે. તેનો વ્યુત્પત્તિ અર્થ ( **शब्यते आहूयते वस्तु अनेन इति शब्दः** ) જેનાથી વસ્તુ બોલાય છે તે શબ્દ. શબ્દનય અનેક શબ્દોવડે સુચવાતા એક વાચ્યાર્થને એક જ પદાર્થ સમજે છે. જેવી રીતે કુંભ, કલશ, ઘટ, ઇત્યાદિ અનેક શબ્દો એક વાચ્યાર્થ (ઘટને) એક જ પદાર્થ એટલે ઘડો સમજે છે. ટુંકાણુમાં સમાન અર્થ વાચક જેટલા જેટલા શબ્દો હોય તે આ નયની કોટિમાં આવે છે. ઇંગ્લીશમાં જેને Synonyms or other words કહે છે તેના દાખલા રાજા, નૃપ, ભૂપતિ તેમ ઇંદ્ર, શક્ર અને પુરંદર છે. રાજા, નૃપ, ભૂપતિ એ બધાના વ્યુત્પત્તિ અર્થ જુદા છે છતાં તે શબ્દનયની કોટિમાં વાચ્યાર્થ એક હોવાથી સમાય છે, તેમ ઇંદ્ર, શક્ર અને પુરંદર એ બધાના વ્યુત્પત્તિ અર્થ જુદા છે છતાં તે ઇંદ્ર તરીકે શબ્દનયની કોટિમાં ગણાય છે.

પ્ર—આ નય કેટલા નિક્ષેપા સ્વીકારે છે ?

ઉ—આ નય નામ, સ્થાપના, અને દ્રવ્ય નિક્ષેપાને સ્વીકારતો નથી પણ ભાવ નિક્ષેપાને સ્વીકારે છે.

પ્ર—વળી એક જ પદાર્થ-વાચ્યાર્થ બીજા શેનાથી સૂચવાય છે ?

ઉ—તે લિંગ, કાળ, વચન, કારક વિગેરે શબ્દોથી પણ સૂચવાય છે.

પ્ર—તે વિગતવાર સમજાવો.

ઉ—લિંગભેદે તટ, તટી, તટમ્, અહિં ત્રણ લિંગ છે છતાં વાચ્યાર્થ તટ એક જ છે.

કાલભેદે-સુમેરુ નામનો પર્વત હતો, છે અને હશે-આમાં ત્રણ કાલના ભેદથી પણ સુમેરુ એક જ છે.

**વચનભેદે**-સ્ત્રી, દારા, કલત્ર આ શબ્દો એકવચન તેમ બહુવચન ઉભયમાં વપરાય છે-તેમાં વચન ભેદ નથી.

**કારકભેદે**-કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છએ કારકને (વિભકિતને) શબ્દ નય દૂર કરે છે. જેમ આ ઘટ છે; અહીં ઘટ શબ્દમાં છએ કારકનું દર્શન થઇ શકે છે.

પ્ર—વર્તમાન કાળસ્થિતિ જ એક માત્ર વસ્તુ છે એમ ઋજુસૂત્ર નય માને છે તેમ શબ્દ નય ભિન્ન ભિન્ન લિંગ, ભિન્ન ભિન્ન કાલાદિવાળા શબ્દોવડે કહેવાની વસ્તુ પણ ભિન્ન ભિન્ન માને છે તે કેવી રીતે તે દાખલો આપી સમજાવો.

ઉ—શાસ્ત્રમાં એવું વાકય મળે છે કે 'રાજગૃહ' નામનું નગર હતું. આ વાકયનો અર્થ સ્થૂલ રીતે એમ થાય છે કે આ નામનું નગર ભૂતકાલમાં હતું પણ અત્યારે નથી. જ્યારે ખરી રીતે એ લેખકના સમયમાં પણ રાજગૃહ છે. હવે જો વર્તમાનમાં છે તો તે 'હતું' એમ લખવાનો શો ભાવ? એ સવાલનો જવાબ શબ્દનય આપે છે. તે કહે છે કેઃ—વર્તમાન રાજગૃહ કરતાં ભૂતકાલનું રાજગૃહ જુદું જ છે અને તેનું વર્ણન પ્રસ્તુત હોવાથી 'રાજગૃહ' હતું એમ કહેવામાં આવે છે. આ કાલભેદે અર્થભેદનો દાખલો થયો.

પ્ર—શબ્દ નયનો વ્યુત્પત્તિ અર્થ શો છે? તથા વળી શબ્દ નય કેવો છે?

ઉ—કાલાદિ ભેદે કરી ધ્વનિના અર્થભેદનું પ્રતિપાદન કરનાર શબ્દ નય છે. દાખલા તરીકે જેમકે સુમેરુ હતો, છે અને હશે. આમાં કાળત્રયના ભેદને લઈ સુમેરુના ભેદનું પણ શબ્દનયે કરી પ્રતિપાદન થાય છે. [ આ ધ્વનિભેદ સમજવો ] એવું પણ બને છે કે કવચિત્ 'ધ્વનિ' એનો એ છતાં અર્થભેદ પ્રધાનપણે ગ્રહણ થાય છે. દાખલા તરીકે **नवकम्बलो देवदत्तः** નવ કંબલ દેવદત્ત. આમાં નવના બે અર્થ થાય છે એક નવ કાંબળવાળો દેવદત્ત તેમજ જેની પાસે નવી કાંબળ છે તે દેવદત્ત. આમ ધ્વનિમાં જો કે ભેદ નથી છતાં તેના ભેદ વિના પ્રધાનપણે અર્થ ભેદ માલમ પડે છે.

ઉ—**शपति** એટલે બોલાવે તેને શબ્દ કહે છે. અથવા

સ્થાપિયે એટલે બોલાવીએ વસ્તુપણે શબ્દ કહીએ. વળી શબ્દના અર્થની જ્યાં સિદ્ધિ હોય તેને જ શબ્દ નય વસ્તુ કહે છે.

પ્ર—વસ્તુને ઋજુસૂત્ર નય અને શબ્દ નય કેવી રીતે ગ્રહે છે.

ઉ—ઋજુસૂત્ર નય માત્ર વસ્તુનો સદ્ભાવ (અસ્તિધર્મ) ગ્રહે છે જ્યારે શબ્દ નય વસ્તુના સદ્ભાવ એટલે અસ્તિધર્મ અને અસદ્ભાવ એટલે નાસ્તિધર્મ બન્નેને ગ્રહે છે અને આ સર્વ સંયુક્ત તેજ વસ્તુ કહેવાય છે.

પ્ર—શબ્દનયની શી માન્યતા છે?

ઉ—શબ્દનય કાલ, લિંગ, પુરુષ આદિ પર્યાયના ભેદથી ધ્વનિના અર્થમાં ભેદ માલુમ પડે; પણ જેનો એ ધ્વનિ છે એ શબ્દનો અર્થ તો ગૌણપણે પણ અભેદ રહે છે, એવું માને છે. ધ્વનિભેદથી શબ્દના અર્થનો પણ ભેદ છે જ એમ એકાંતે ગ્રહણ કરનારા શબ્દાભાસ છે.

## સમભિરૂઢ નય

પ્ર—સમભિરૂઢનય કોને કહે?

ઉ—જે વિચાર શબ્દની વ્યુત્પત્તિને આધારે અર્થ-ભેદ કલ્પે તે સમભિરૂઢ નય છે.

પ્ર—શબ્દ નય અને સમભિરૂઢ નયમાં શો ફેર છે?

ઉ—શબ્દનયમાં શાબ્દિક ધર્મના ભેદને આધારે અર્થ-ભેદ કલ્પાય છે ત્યારે સમભિરૂઢ નય તેથી આગળ વધી વ્યુત્પત્તિ ભેદ તરફ ઢળે છે. શબ્દભેદમાં જ્યારે રાજા, નૃપ,

અને ભૂપતિ બધા એક ગણાય છે કારણ કે તે સમાન અર્થવાચી છે ત્યારે સમભિરૂઢ નયના આધારે ત્રણે જુદા જુદા છે કારણ કે ત્રણેની વ્યુત્પત્તિ જુદી જુદી છે. કારણ કે રાજચિન્હથી શોભે તે રાજા, મનુષ્યોનું જે રક્ષણ કરે તે નૃપ અને પૃથ્વીનું જે પાલન કરે અથવા સંવર્ધન કરે તે ભૂપતિ છે. ટુંકાણમાં પર્યાયભેદથી કરવામાં આવતી અર્થ-ભેદની બધી જ કલ્પનાઓ આ નયની શ્રેણિમાં આવી જાય છે.

પ્ર—તેનો વ્યુત્પત્તિ અર્થ શો છે?

ઉ—**सम्यक् प्रकारेण पर्यायशब्देषु निरुक्तिभेदेन रोहते स समभिरूढः** એટલે જે શબ્દની વ્યુત્પત્તિ થતી હોય તે વ્યુત્પત્તિ તેમાં ધ્વનિત હોય છે; માટે શબ્દ પર્યાયને જુદા જુદા અર્થવાચક માનવા એ આ નયનો મત છે.

પ્ર—શબ્દ નય અને સમભિરૂઢ નય દાખલા આપી સમજાવો.

ઉ—શબ્દ નયમાં ઇન્દ્ર શક્ર, પુરંદર એ સર્વ એકાર્થ વાચ્ય હોવાથી શબ્દ નયમાં ઇન્દ્રના સ્વરૂપમાં એક મનાય છે જ્યારે સમભિરૂઢ નયમાં વ્યુત્પત્તિ જુદીના આધારે ભિન્ન ભિન્ન મનાય છે. કારણ કે ઐશ્વર્યવાળો હોવાથી ઇન્દ્ર કહેવાય છે. શક્તિવાળો હોવાથી શક્ર કહેવાય છે. અને નગરનો નાશ કરનાર હોવાથી પુરંદર કહેવાય છે. સારાંશમાં શબ્દ નય શબ્દ પર્યાય ભિન્ન ભિન્ન હોવા છતાં વાચ્યાર્થ એક હોવાથી અર્થનો અભેદ માને છે; એટલે અર્થ એક

જ માને છે. જ્યારે આ નયમાં શબ્દપર્યાય ભિન્ન ભિન્ન હોય તો અર્થ પણ ભિન્ન ભિન્ન થાય છે.

## એવંભૂત નય

પ્ર—એવંભૂત નય એટલે શું ?

ઉ—જે વિચાર, શબ્દથી ફલિત થતો અર્થ ઘટતો હોય ત્યારેજ તે વસ્તુને તે રૂપે સ્વીકારે, બીજી વખતે નહિ એ એવંભૂત નય છે. તેનો વ્યુત્પત્તિ અર્થ एवं એટલે એ પ્રકારે भूत થએલું એટલે વસ્તુને વસ્તુરૂપે માનનાર આ નય છે અર્થાત્ જે પદાર્થ પોતાના ગુણે કરી સંપૂર્ણ હોય અને પોતાની ક્રિયા કરતો હોય તેના તેવા રૂપમાં કહેવો એ આ નયનો મત છે. દાખલા તરીકે પરમ ઐશ્વર્યનો અનુભવ કરતી વખતે ઇંદ્ર, સમર્થ હોવાના સમયે શક્ર અને નગરનો નાશ કરવાના સમયે પુરંદર.

બધી વસ્તુ પોતાનું કાર્ય કરતી હોય ત્યારે જ આ નય તેને વસ્તુ કહે છે નહિ તો તે વસ્તુ કહેતો નથી. સ્રી માથે પાણીનો ઘડો લેઈ જતી હોય ત્યારે જ તે તેને ઘટ કહે બીજા વખતે નહિ. કારણ કે ઘટનો અર્થ ચેષ્ટા છે તેથી ચેષ્ટા જેમાં પામીએ તેજ ઘટ.

પ્ર—સમભિરૂઢ નય અને એવંભૂત નયનો તફાવત શો છે ?

ઉ—સામાન્ય કેવળી છે તે ગુણોથી તીર્થંકર સમાન છે. માટે સમભિરૂઢ નય સામાન્ય કેવળીને તીર્થંકર કહે છે. પણ એવંભૂત નય તો અરિહંત સમવસરણમાં બેઠેલા હોય,

ચોત્રીસ અતિશય હોય, દેશના દેતા હોય, ચોસઠ ઈંદ્રો પૂજતા હોય તેને તીર્થંકર કહે છે.

પ્ર—વસ્તુ કોને કહે ?

ઉ—સંપૂર્ણ અર્થ પામે તેને વસ્તુ કહે પણ ન્યૂનપર્યાયવાચી વસ્તુને વસ્તુ કહેવાય નહિ.

ટુંકાણમાં એવંભૂત નય એટલે જે ક્રિયાને લઈ શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયા વિશિષ્ટ અર્થને વસ્તુ પ્રકાશે ત્યારે એવંભૂત નય કહેવાય છે.

## સાત સિવાયના બીજા નયો

પ્ર—નયના મુખ્ય કેટલા પ્રકારો છે અને તે કયા કયા ?

ઉ—તેના મુખ્ય બે પ્રકારો છે. (૧) વ્યવહાર અને (૨) નિશ્ચય

પ્ર—વ્યવહાર અને નિશ્ચય નયની સમજ આપો.

ઉ—વ્યવહાર નય એટલે સ્થૂલગામી અને ઉપચાર પ્રધાન છે; નિશ્ચય નય એટલે સૂક્ષ્મગામી અને તત્ત્વસ્પર્શી.

પ્ર—શબ્દ નય અને અર્થ નયની સમજ આપો.

ઉ—અર્થની વિચારણા જેમાં પ્રધાનપણે હોય તે અર્થ નય અને જેમાં શબ્દનું પ્રાધાન્ય હોય તે શબ્દ નય- ઋજુસૂત્ર પર્યંત પહેલા ચાર અર્થ નય છે અને બાકીના ત્રણ શબ્દ નય છે.

પ્ર—જ્ઞાન નય અને ક્રિયા નયની સમજ આપો


ઉ—તત્ત્વને સ્પર્શે છે તે જ્ઞાનદૃષ્ટિ અને જે ભાગ તત્ત્વાનુભવને પચાવવામાં પૂર્ણતા માને છે તે ક્રિયાદૃષ્ટિ ક્રિયા નય છે.

## પૂર્વપૂર્વના નય કરતાં પછી પછીનો નય સૂક્ષ્મ છે

પ્ર—પૂર્વ પૂર્વના નય કરતાં પછી પછીના નય સૂક્ષ્મ કેવી રીતે છે તે સમજાવો.

ઉ—પૂર્વ પૂર્વના નય પ્રચુરવસ્તુ ગોચર છે; ઉપર ઉપરના નય અલ્પ વસ્તુ ગોચર વિષયવાળા છે. સત્તા માત્ર ગ્રાહક સંગ્રહ નય કરતાં નૈગમ નયનો વિષય ઘણો છે, નૈગમના કરતાં સંગ્રહનો અલ્પ વિષય છે, કારણ કે સંગ્રહ નય તો સત્તાને જ ગ્રહે છે અને નૈગમ નય તો છતાભાવ અને અછતાભાવ સર્વ ભાવને ગ્રહણ કરે છે. અથવા નૈગમ નય સામાન્ય અને વિશેષ એ બે ધર્મને ગ્રહે છે અને સંગ્રહ તો સામાન્યને જ ગ્રહે છે, વ્યવહાર નય એક વિશેષને જ ગ્રહે છે માટે સંગ્રહથી વ્યવહારનો વિષય અલ્પ છે. વ્યવહાર નય આકૃતિ ભેદે ભેદ માને છે પણ સંગ્રહ નય તે માનતો નથી માટે વ્યવહારથી સંગ્રહ નય બહુ વિષયી છે. ઘટ થવાની માટીમાં ઘટ સત્તા રહી છે તેથી સંગ્રહ નય મૃતિકા (માટી) ને ગ્રહે છે અને વ્યવહાર નય આકૃતિમાન ઘટને ગ્રહે છે તેથી તેના કરતાં વ્યવહાર અલ્પ વિષયી છે અને સંગ્રહ બહુ વિષયી છે. હવે ઋજુસૂત્ર કરતાં વ્યવહાર ત્રિકાળ વિષયી છે અને ઋજુસૂત્ર તો વર્તમાન વિષયને જ ગ્રહે છે તેથી તેનું ક્ષેત્ર વ્યવહાર કરતાં નાનું છે; શબ્દ નય કાલાદિ વચન લિંગથી વહેંચતા અર્થને ગ્રહે છે અને ઋજુસૂત્ર નય વચન લિંગને ભિન્ન પાડતો નથી તે માટે ઋજુસૂત્ર નયથી શબ્દ નયનું ક્ષેત્ર અલ્પ છે અને શબ્દ કરતાં ઋજુસૂત્ર નય બહુ વિષયી છે; શબ્દ નય ઈન્દ્રરૂપ એક પર્યાયને ગ્રહતાં શક્ર, પુરંદર, શચીપતિ વિગેરે ઇન્દ્ર વ્યક્તિ બોધક સર્વ પર્યાયને ગ્રહે

છે અને સમભિરૂઢ નય જે ધર્મ વ્યક્ત છે તેજ વાચક પર્યાયને ગ્રહે છે. માટે શબ્દ નયથી સમભિરૂઢ નય અલ્પવિષયી છે. એવંભૂત નય પ્રતિ સમયે ક્રિયા ભેદે ભિન્નાર્થ પણે માનતો અલ્પવિષયી છે માટે એવંભૂતથી સમભિરૂઢ નય બહુ વિષયી છે.




## નયોનું ભિન્નભિન્નપણે વર્તવું

પ્ર—સર્વનય ભિન્ન ભિન્નપણે વર્તતા શાથી કહી શકાય ?

ઉ—દરેક નય પોત પોતાના નયના સ્વરૂપે **अस्ति** છે અને તેમાં પરનયના સ્વરૂપની નાસ્તિ છે માટે.

પ્ર—જો એમ ન માનવામાં આવે તો શું થાય ?

ઉ—જો એવંભૂત નયમાં સમભિરૂઢની નાસ્તિતા નહિ માનવામાં આવે તો તે એવંભૂત નય સમભિરૂઢ કહેવાય. એ દોષ લાગે તથા એવંભૂતથી સમભિરૂઢ નયનું સ્વરૂપ ભિન્ન ઠરે નહિ. ઇત્યાદિ દોષો આવે માટે વિધિ પ્રતિષેધે કરી નયોમાં સપ્તભંગી માનતાં સર્વદોષ પરિહારપૂર્વક પ્રત્યેક નયની સિદ્ધિ થાય છે.

રત્નાકર-અવતારિકામાં કહ્યું છે કેઃ-એ સાત નય એક બીજાની અપેક્ષા ન રાખે તો તે દુર્નય કહેવાય છે અને એકાંત નય ગ્રહણ કરવાથી મિથ્યાદ્દષ્ટિપણું પ્રાપ્ત થાય છે.

## ધર્મપર સાત નય

પ્ર—ધર્મપર સાત નય ઉતારો.

ઉ—નૈગમ નય સર્વ ધર્મમાં લાગુ પડે છે. કારણ કે સર્વ પ્રાણી ધર્મને ઈચ્છે છે એ નય અંશરૂપ ધર્મને ધર્મ એમ કહે છે. સંગ્રહ નય કહે છે કે વડેરાઓએ આદર્યો તે ધર્મ છે; એ નયે અનાચાર ત્યાગ્યો પણ કુલાચારને ધર્મ કહ્યો. વ્યવહાર નય કહે છે કે સુખનું કારણ તે ધર્મ છે; પણ એ નયે પુણ્ય કરણીને ધર્મ માન્યો. ઋજુસૂત્ર નય તે ઉપયોગ સહિત વૈરાગ્ય પરિણામને ધર્મ કહે છે; એ નયમાં યથાપ્રવૃત્તિકરણના પરિણામ પ્રમુખ સર્વ ધર્મમાં ગણ્યા. યથાપ્રવૃત્તિકરણ મિથ્યાત્વને પણ હોય છે. શબ્દનય કહે છે કે 'ધર્મનું મૂળ સમકિત છે' માટે સમકિત તેજ ધર્મ કહેવાય છે. સમભિરૂઢ નય કહે છે કે જીવ અજીવ આદિ નવ તત્ત્વ તથા છ દ્રવ્યને ઓળખીને જીવ સત્તા ધ્યાવે, અજીવનો ત્યાગ કરે, એવો જ્ઞાન-દર્શન-ચારિત્રનો શુદ્ધ નિશ્ચય પરિણામ તે જ ધર્મ છે. એ નયે સાધક સિદ્ધના પરિણામ તેને ધર્મપણે લીધા. એવંભૂત નયના મતે શુકલધ્યાન, રૂપાતીતના પરિણામ ક્ષપકશ્રેણિ કર્મક્ષયનું કારણ તે ધર્મ. મોક્ષરૂપ કાર્યને કરે તે ધર્મ. એમ સાતનયથી ધર્મ જાણવો.

## સાત નયે સિદ્ધપણું

પ્ર—સાત નય સિદ્ધપણામાં ઉતારો

ઉ—સર્વ જીવના આઠ રુચક પ્રદેશ સિદ્ધ સમાન નિર્મળ હોવાથી સર્વ જીવો સિદ્ધ છે. એ નૈગમ નયની માન્યતા છે.

સંગ્રહ નય કહે છે કે સર્વ જીવની સત્તા સિદ્ધ સમાન હોવાથી સર્વ જીવો સિદ્ધ છે; એ સંગ્રહ નયે પર્યાયાસ્તિક નયે કરી કર્મ સહિત અવસ્થાને ટાલી પણ દ્રવ્યાર્થિક નયે કરી સિદ્ધ સમાન અવસ્થા સર્વ જીવોની અંગીકાર કરી. વ્યવહાર નય કહે છે કે વિદ્યા લબ્ધિ પ્રમુખ ગુણ સિદ્ધ થયા તે સિદ્ધ. આ નયે બાહ્ય વેષ જય આદિ ધર્મ અંગીકાર કર્યો. ૠજુસૂત્ર નયના મતે જેણે પોતાના આત્માની સિદ્ધપણાની સત્તા ઓળખી અને ધ્યાનના ઉપયોગમાં વર્તે છે તે સમયે સિદ્ધ જાણવો એ નયે સમકિત જીવ સિદ્ધ સમાન છે એમ કહ્યું. શબ્દ નયમતે શુદ્ધ શુકલ ધ્યાન નામાદિક નિક્ષેપે સહિત તે સિદ્ધ છે. ત્યારે સમભિરૂઢ નય કહે છે કે કેવળ જ્ઞાન, કેવળ દર્શન, યથાખ્યાતચારિત્ર ઈત્યાદિ ગુણ સહિત તેરમા ગુણસ્થાને વર્તનારા કેવળી સિદ્ધ જાણવા. તેરમા ચૌદમા ગુણઠાણાના કેવળીને આ નય સિદ્ધ કહે છે. એવંભૂત નયના અભિપ્રાયથી સકલકર્મ ક્ષયકર્ત્તા, લોકના અંતે બિરાજમાન, અષ્ટ ગુણ સંપન્ન તે સિદ્ધ જાણવા.

## જીવ ઉપર સાત નય

પ્ર—જીવ ઉપર સાત નય ઉતારો.

ઉ—નૈગમ નયના મતે જીવ ગુણ પર્યાયવાન છે.

સંગ્રહ નયના મતે—જીવ અસંખ્યાત પ્રદેશવાન છે.

વ્યવહાર નયના મતે—તે વિષયવાસના સહિત શરીરવાન છે.

ઋજુસૂત્ર નયના મતે—તે ઉપયોગવંત છે.

શબ્દ નયના મતે—તેનાં નામ, પર્યાય જીવ ચેતનાદિ છે અને તે એકાર્થવાળો છે.

સમભિરૂઢ નયના મતે—તે જ્ઞાનાદિ ગુણવાળો છે માટે જીવનો અર્થ ચેતના છે.

એવંભૂત નયના મતે—તે અનંત જ્ઞાન, ચારિત્ર તથા દર્શનવાન છે અને તે શુદ્ધ સત્તાવાન સિદ્ધાત્મા છે.

## એક વસ્તુમાં ભિન્નભિન્ન સત્તાવાળા સાત નય

પ્ર—એક વસ્તુમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા સાત નય શી રીતે લાગી શકે?

ઉ—ભિન્ન ભિન્ન અભિપ્રાયથી એક વસ્તુનું સ્વરૂપ કહેવામાં કોઈ જાતનો વિવાદ પ્રાપ્ત થતો નથી.


દાખલા તરીકે એક પુરુષ છે. તે પુત્રની અપેક્ષાએ પિતા છે અને તે બાપની અપેક્ષાએ પુત્ર છે અને તે મા ા–પિતાની અપેક્ષાએ નપ્તા કહેવાય છે અને તે મામાની અપેક્ષાએ ભાણેજ કહેવાય છે અને તે ભાઈની અપેક્ષાએ ભ્રાતા કહેવાય છે. એમ અપેક્ષાબુદ્ધિથી એક પુરૂષમાં પૂર્વોકત સંબંધ લાગે છે પણ એમ નથી કે તે પુત્રની અપેક્ષાએ પિતા કહેવાયો એટલે તે સર્વનો પણ પિતા કહેવાય. આ પ્રમાણે સાત નયમાં સાપેક્ષપણે પરસ્પર વિવાદ નથી, પરંતુ તે સમ્યગ્ જ્ઞાનમાં કારણભૂત છે.

## એક વસ્તુમાં ભિન્નભિન્ન વ્યવહારથી મૂળ વસ્તુ રહી શકે છે.

પ્ર—એક વસ્તુમાં સાત નયથી ભિન્ન ભિન્ન વ્યવહાર કરવાથી મૂળ એક વ તુ કેવી રીતે રહી શકે ?

ઉ—રહી શકે કારણ કે એક જીવ દ્રવ્ય દેવ શરીરને ધારણ કરે છે, ત્યારે તે દેવ કહેવાય છે, જ્યારે મનુષ્ય પર્યાય ધારણ કરે છે, ત્યારે મનુષ્ય કહેવાય છે અને તેજ જીવ જ્યારે નારકીપર્યાયને ધારણ કરે છે ત્યારે નારકી કહેવાય છે અને તેજ જીવ જ્યારે તિર્યંગ્યોનિમાં જાય છે ત્યારે તિર્યંગ્ કહેવાય છે. એમ ચાર ગતિની અપેક્ષાએ ચાર પ્રકારના વ્યવહારને તે જીવ પામે છે પણ તેથી તે જીવ નષ્ટ થતો નથી. તેમ સાત નયથી એક વસ્તુ સ્વરૂપ કહેવાય છે પણ તેથી તે વસ્તુની નષ્ટતા થતી નથી. આ બાબત એક કેરીના દૃષ્ટાંતથી અવલોકીએ. કેરી ચક્ષુ સંબંધથી રૂપવાન કેરી કહેવાય છે અને તેજ કેરીને જીભનો સંબંધ થવાથી રસવાળી કહેવાય છે અને તે કેરીને નાસિકાનો સંબંધ થવાથી સુગંધવાળી કહેવાય છે અને તેજ કેરીને ત્વક્ ઇંદ્રિયનો સંબંધ થવાથી સુકોમળાદિ વ્યવહારવાળી કહેવાય છે અને શ્રોત્રેંદ્રિયનો સંબંધ થવાથી પિચ પિચાદિ શબ્દ વ્યવહારને પામે છે પણ તેથી કેરી વસ્તુ નષ્ટ થતી નથી, તેમ ભિન્ન ભિન્ન વિષયોવાળા સાત નયથી એક વસ્તુનું સ્વરૂપ કહેતાં વસ્તુ નષ્ટ થતી નથી.

**સમાપ્ત**




આ ચિત્રનો સાર એ છે કે, જેમ હાથી છૂટો હોય છે ત્યારે કંઇક વૃક્ષોને ભાંગી નાંખે છે, પરંતુ તેને મહાવત અંકુશથી વશ રાખે છે, ત્યારે તે દરબારે ગાજે છે-વાજે છે–તેવી રીતે એકાંત મતવાળાએ પોતાને અમુક સત્ય પ્રાપ્ત થવાથી, તેને આખાના રૂપમાં પ્રતિપાદન કરવા મથે છે ત્યારે જ મત-સંઘર્ષણો થાય છે, પરંતુ તેઓ જ્યારે સ્યાદ્વાદને અનુસરે છે ત્યારે તત્ત્વતરુ પ્રાપ્ત કરે છે, એટલુંજ નહિ પરંતુ જગતમાં કીર્તિ સંપાદન કરેછે. આથી નયને હાથીની ઉપમા આપવામા આવીછે, અને સ્યાદ્વાદને અંકુશની ઉપમા આપવામા આવાછે.

ધી શક્તિ પ્રી. પ્રેસ, સલાપસ, ક્રોસરોડ, અમદાવાદ.